આગમોદ્ધારક સંગ્રહ : ૧૫

# આરાધના માર્ગ

## ગુજરાતી ભાવાર્થ

*

: મૂલ પ્રણેતા :

પૂ૦ પૂ૦ આગમોદ્ધારક-આચાર્યપ્રવરશ્રી

આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ

*

—: પ્રકાશક :—

શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા-સુરત

વીર સં૦ ૨૪૯૫ વિક્રમ સં૦ ૨૦૨૫ આગમો૦ શ્રી. ૧૮

*

: પ્રાપ્તિસ્થાન :

જૈન આનંદ પુસ્તકાલય

ગોપીપુરા......સુરત

મૂલ્ય રૂા. ૧-૦૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રત્ય : ૫૦૦

: દ્રવ્યસહાયક :

| | |
|---|---|
| ૨૫૧–૦૦ | પ૦ પૂ૦ સ્વ૦ સાધ્વીજી મ૦ શ્રી તિલકશ્રીજી મહારાજના સુશિષ્યા પ્રશાંત સા૦ શ્રી હેમશ્રીજી મ૦ ના શિષ્યા સા૦ શ્રી રાજુલશ્રી જી મ૦ની પ્રેરણાથી તેમના શિષ્યા વર્ધમાન તપોનિષ્ઠા સા૦ શ્રીસુશીલાશ્રીજી મ૦ ના ૫૦૦ આયંબિલની પૂર્ણાહુતિ પ્રસંગે તેમની તથા સા૦ શ્રીઅનુપમાશ્રીજી મ૦ ની ૯૧મી વર્ધમાન તપની ઓલી પ્રસંગે થએલ જ્ઞાનપૂજનમાંથી |
| ૧૦૧–૦૦ | વિદુષી સા૦ શ્રીતિલકશ્રીજી મ૦ ના સુશિષ્યા સા૦ શ્રીમૃગેન્દ્રશ્રીજી મ૦ ની શુભપ્રેરણાથી શેઠ મંછુભાઈ દીપચંદની ધર્મશાળામાં થએલ જ્ઞાનની ઉપજમાંથી. |

: મુદ્રક :
ન્યુ જયંત આર્ટ પ્રિન્ટરી
નવસારી બજાર,
બંબાગેટની પાછળ.
સુરત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકાશકીય નિવેદન

અમારી આ **શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા** પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ **શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી** મહારાજશ્રીના ઉપદેશથી સ્થપાયેલી છે. એ પૂર્વાચાર્યોના તેમ જ પૂ. આગમોદ્ધારકશ્રીના ગ્રંથોનું પ્રકાશન કરે છે.

પૂ. મુનિ મહારાજશ્રી ગુણસાગરજી મહારાજશ્રીની પ્રેરણાથી આ તથા બીજી સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં નીચેના ગ્રન્થો પ્રકાશિત થયા છે.

- સિદ્ધચક્ર માહાત્મ્ય
- સુધા સાગર ભા. ૧–૨
- સાગર સમાધાન ભા. ૧–૨
- શ્રી નવસ્મરણાનિ ગૌતમરાસશ્ચ
- સૂયગડાંગ સૂત્ર (વ્યાખ્યાન)
- પર્વ દેશના
- ઉપાંગ પ્રકીર્ણક વિષયાનુક્રમાદિ
- સ્થાનાંગ સૂત્ર (વ્યાખ્યાન સંગ્રહ) ભા. ૧
- ષોડશક પ્રકરણ ( ,, ,, ) ભા. ૧
- આગમીય સૂક્તાવલ્યાદિ
- લઘુ સિદ્ધપ્રભા વ્યાકરણ અને લઘુતમ નામકોષ
- પ્રશમરતિ અને સંબંધ કારિકા (વ્યાખ્યાન સંગ્રહ)
- નવપદ માહાત્મ્ય
- ઉપદેશ રત્નાકર (મૂળ તથા ભાવાર્થ)
- શ્રી પ્રજ્ઞાપના વ્યાખ્યા [હારિભદ્રીય]
- તાત્ત્વિક પ્રશ્નોત્તર
- આનન્દસુધાસિન્ધુ ભા. ૨
- તાત્ત્વિક પ્રશ્નોત્તર (સંસ્કૃત)
- આરાધનામાર્ગ ભા. ૧ (સભાવાર્થ)
- આચારાંગ સૂત્ર (અ. ૪; વ્યાખ્યાન સંગ્રહ) ભા. ૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પુસ્તકમાં પૂ. આગમોદ્ધારકશ્રીએ રચેલ આરાધના માર્ગની ૫૪૯ રચનાઓના ગુજરાતીભાષામાં માત્ર ભાવાર્થ પ્રસિદ્ધ કરીએ છીએ.

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય શ્રી **માણિક્યસાગરસૂરીશ્વરજી** મહારાજે આ આરાધના માર્ગના આ ગદ્યપદ્યરૂપ વાક્યો કાચા ખરડા અનુસાર મૂળ તપાસી આપ્યાં છે અને મુનિરાજશ્રી **પ્રમોદસાગરજી** મ૦ તેઓશ્રીની પાસે આનો અર્થ સમજી લઈ આનો ભાવાર્થ કર્યો છે.

આ પુસ્તકના સંશોધનાદિ કાર્ય પૂ૦ આગમોદ્ધારક આચાર્યશ્રી **આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજના **અનન્ય-પટ્ટધર** શ્રી સમેત શિખરજી મહાતીર્થમાં શ્રીરાજગૃહી મહાતીર્થમાં અને મૂળી તથા કપડવંજમાં અંજનશલાકા પ્રતિષ્ઠા કરાવનાર તથા તીર્થંકર ભગવંતોની કલ્યાણકભૂમિઓની તીર્થયાત્રાઓ કરીને બંગાલ-બિહાર-ઉત્તરપ્રદેશ-મધ્યપ્રદેશ-ખાનદેશ-મહારાષ્ટ્ર-સૌરાષ્ટ્ર આદિ પ્રદેશોમાં વિચરીને ઘણા જ વર્ષે પાલીતાણા શહેરમાં પધારી ત્યાં શ્રી વર્દ્ધમાન-જૈન આગમમંદિર સંસ્થાની વિશાલ જગ્યામાં બંધાએલ ગુરુમંદિરમાં પૂ૦ આગમોદ્ધારકશ્રીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવનાર, પૂર્વાચાર્યોના તથા પૂ૦ આગમોદ્ધારકશ્રીના રચેલા ૨૦૦ ઉપરાંત ગ્રંથોનું સંપાદન કાર્ય કરનાર, વર્તમાન શ્રુતના જ્ઞાતા, વિદ્યાવ્યાસંગી મૂળીનરેશ પ્રતિબોધક શાંતમૂર્તિ ગચ્છાધિપતિ આચાર્ય ભગવાન **શ્રીમાણિક્યસાગરસૂરીશ્વરજી** મહારાજના પરમવિનય શિષ્યરત્ન શતાવધાની ગણિવર્ય **શ્રીલાભસાગરજી** મહારાજે કરેલ છે.

આ આરાધનામાર્ગ પુસ્તક વાંચી ભવ્ય જીવો આરાધનામાં લીન બને એ જ સમર્થના

લિ૦

| | |
|---|---|
| શ્રી જૈન આનંદ પુસ્તકાલય, | **મદ્રાસી પાનાચંદ સાકેરચંદ** |
| ગોપીપુરા, સૂરત-૨ | **ઝવેરી શાંતિચંદ છગનભાઈ** |
| સં ૨૦૨૫ નૂતનવર્ષ | **ચોકસી મોતીચંદ કસ્તુરચંદ** |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# આમુખ

આ ગ્રન્થના પ્રણેતા–પૂ૦ આગમોદ્ધારક આચાર્ય દેવ શ્રી **આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજશ્રીનો જન્મ **કપડવંજમાં** વિ૦ સં. ૧૯૩૧ના અષાડ વદ અમાસના શુભ દિને થયો હતો. તેમનું સંસારી નામ **હેમચંદ** હતું. એમના પિતાશ્રીનું નામ શ્રી **મગનલાલ ભાઇચંદ ગાંધી.** અને માતાનું નામ **યમુનાબાઈ** હતું. એમના મોટાભાઇ શ્રી **મણિલાલભાઇ** એ દીક્ષા લીધી હતી ને તેમનું નામ હતું પૂ. મુનિરાજ–શ્રી **મણિવિજયજી** મ૦ એમના પિતાશ્રી **મગનભાઈ** એ પણ દીક્ષા લીધી હતી ને તેમનું નામ હતું પૂ. મુનિરાજશ્રી **જીવવિજયજી** મહારાજ. આમ શ્રી હેમચંદભાઇને દીક્ષિત પિતા તથા વડીલ બંધુ સંયમ માર્ગે પ્રયાણ કરવા માટે પ્રેરણારૂપ હતા.

બાળપણમાં વિદ્યાર્થી–અવસ્થામાં શાળાના અભ્યાસ જોડે જૈન–ધર્મના તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં પણ હેમચંદભાઈ ઘણા આગળ વધ્યા હતા. શાળામાં પણ તેજસ્વી બુદ્ધિશાળી વિદ્યાર્થી તરીકે પંકાયા હતા. તેમની અગાધ સ્મરણશક્તિથી આશ્ચર્યચકિત થયેલ અધ્યાપક વર્ગે તો તેમને 'જંગમ ડિક્શનેરી' ઉપનામ પણ આપેલું. તેમના પૂજ્ય દીક્ષિત પિતાશ્રીની વૈરાગ્ય તરફ વળવાને પ્રેરણા મળતી હતી. આમ નાની ઉંમરમાં શાળાના અભ્યાસ સાથે ધાર્મિક અભ્યાસમાં પ્રગતિ કરતાં કરતાં એમના હૃદયમાં પ્રબળ ત્યાગભાવ પણ ઉત્પન્ન થયો હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વધતી જતી સંસાર તરફની ઉદ્વિગ્નતાને પરિણામે વિ૦ સં૦ ૧૯૪૯માં લીંબડી મુકામે પૂ. ગુરુવર્ય શાસનસ્થંભ શ્રી **ઝવેરસાગરજી ગણિવર્ય મ૦**ના વરદ હસ્તે તેમણે ભાગવતી દીક્ષા અંગીકાર કરી શ્રી **આનન્દ-સાગરજી** નામે પ્રસિદ્ધ થયા. દીક્ષા અંગીકાર કર્યા પછી તેજસ્વી બુદ્ધિને લીધે જૈનશાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ ઉપરાંત અન્ય દર્શનોના શાસ્ત્રોનો પણ ઊંડાણથી પરિશીલનપૂર્વક અભ્યાસ કરી વિદ્વજ્જગતમાં ઝળહળી ઉઠ્યા હતા. સંસ્કૃત, અર્ધમાગધી–પ્રાકૃત, હિન્દી, ગુજરાતી વગેરે ભાષાઓ પરનો એમનો કાબુ અજબ હતો. શ્રોતાઓ સમજી શકે તેવી સરળભાષામાં તેઓ ઉચ્ચ તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપતા. તેમના વૈરાગ્યવાસિત વ્યાખ્યાનો સાંભળી કેટલાય હળુકર્મી ભવ્યાત્માઓએ દીક્ષા લીધી છે ને આત્મકલ્યાણ સાધી રહ્યા છે. મહાન્ જ્ઞાની અને સંયમઆરાધનામાં લીન પૂ. મુનિરાજશ્રી **આનંદસાગરજી મ૦**ને વિ૦ સં૦ ૧૯૬૦માં રાજનગર (અમદાવાદ)માં પંન્યાસપદવી અર્પણ કરવામાં આવી હતી. સ્વ–પરશાસ્ત્રજ્ઞાતા મહાન્ શાસનપ્રભાવક પૂ. ગુરુદેવશ્રીને વિ૦ સં૦ ૧૯૭૪માં સૂર્યપુર(સૂરત)માં આચાર્યપદવીથી વિભૂષિત કરવામાં આવ્યા ત્યારથી પૂ૦ આચાર્ય મહારાજશ્રી **આનન્દસાગર સૂરીશ્વરજી** મ૦ તરીકે પ્રસિદ્ધ થયા છે. 'સાગર' શબ્દનો પહેલાં ઉપયોગ કરી શ્રી **સાગરાનન્દસૂરીશ્વરજી** મહારાજ તરીકે પણ તેઓ ઓળખાય છે. કેટલીક વખત **'સાગરજી** એમ ટૂંકું નામ પણ તેમને માટે વપરાયું છે. આચાર્યપદવીથી વિભૂષિત થયેલ છતાં તેઓ પૂજ્યશ્રી પોતે જ્યારે 'સહી' કરતા ત્યારે **'આનન્દસાગર'** એટલું જ લખતા હતા; કોઈપણ વખત તેમણે પોતે સહી કરતી વખત આચાર્ય કે કોઈ પણ બીજી પદવીનો ઉલ્લેખ કર્યો નથી. મહાન્ જ્ઞાની હોવા છતાં આટલી હદની તો તેમની નમ્રતા હતી.

એમનું સારુંય જીવન પ્રાચીનધર્મગ્રન્થોના ઊંડા તલસ્પર્શી અભ્યાસ તથા સંશોધનમાં તેમ જ નવીન કૃતિઓની રચનાઓમાં વીત્યું છે. આવા અથાગ પરિશ્રમ ઉપરાંત તીર્થ પર આપત્તિ, શાસન પર

આકૃત વગેરે પ્રસંગોએ તે વખતના શ્રીજૈનસંઘને તેમણે સચોટ નેતૃત્વ આપી જૈનધર્મની જ્યોત ઝળહળતી રાખી છે.

એમના જીવનનું સૌથી યશસ્વી કાર્ય આગમોના ઉદ્ધાર, સંરક્ષણ વગેરે માટે થયેલ છે ને તેથી જ તેઓશ્રી 'આગમોદ્ધારક' કહેવાય છે.

'આગમ' શ્રી જિનેશ્વર ભગવંતની વાણી છે. આ કળિકાળમાં પણ શ્રી જિનેશ્વર ભગવંતના વિરહકાળમાં આગમ તારક છે. સંસાર–સમુદ્ર તરવામાં આગમ નાવ સમાન છે. સુદેવ, સુગુરુ અને સુધર્મ એ તત્ત્વત્રયી–રત્નત્રયીની અખંડ આરાધના માટે આગમ આવશ્યક છે.

આ આગમો ઘણા પૂર્વકાળમાં કંઠસ્થ રહેતા હતા. શક્તિશાળી ગીતાર્થ આચાર્યદેવો અને સમર્થ વિદ્વાન્ મુનિવરો તે વખતે એવું સામર્થ્ય ધરાવતા હતા. પછી કાળની વિષમતાને લીધે પૂર્વવત્ સ્થિતિ ન રહેવાથી તે સમયે સમયના જાણ ગીતાર્થ પૂ૦ **શ્રીદેવર્દ્ધિગણિ** ક્ષમાશ્રમણે આગમોને લિપિબદ્ધ કર્યાં. તે આગમો તાડપત્રો ઉપર લખાયાં, હસ્તલિખિત પ્રતોમાં પણ જળવાયાં. તાડપત્રો તથા હસ્તલિખિત પ્રતોમાં સેંકડો વર્ષ સુધી જળવાયાં પછી વર્તમાનકાળમાં મુદ્રણકળાના યુગમાં કાગળો ઉપર પણ છપાવા લાગ્યાં. વર્તમાનમાં અને હવે પછીના ભવિષ્યના યુદ્ધો વગેરેમાં માત્ર કાગળો ઉપર જ આગમો રહે તે સહીસલામતી માટે શંકાસ્પદ ગણાય, માટે ગમે તેવા સંજોગોમાં નજીકના કે દૂરના ભવિષ્યમાં પણ શ્રી જિનાગમો ચોક્કસ સુરક્ષિત રહે જ તેવી યોજના કરવી જ જોઈએ એવું પૂ૦ આગમોદ્ધારક શ્રીએ દૂરંદેશી બુદ્ધિથી વિચાર્યું.

પરિણામે આગમો સંપૂર્ણ શુદ્ધ સંશોધિત કરી પાલીતાણા–(સિદ્ધક્ષેત્ર) માં **શ્રી વર્ધમાન જૈન આગમમંદિર** જેવું ભવ્ય ગગનચુંબી જિનાલય બંધાવી વિ૦ સં૦ ૧૯૯૯માં શિલામાં કોતરાવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્થાપિત કરાયા છે. ત્યાર પછી વિશેષ સુરક્ષિતતા માટે તામ્રપત્રમાં કોતરાવીને જરૂર પડયે ખીજે ખસેડી શકાય તેવી છૂટી છૂટી તખ્તીઓમાં સ્થાપન કરી તે તામ્રપત્રમાં કોતરેલ આગમો સુરક્ષિત જૈનપુરી સૂરત (સૂર્યપૂર)માં **શ્રીવર્ધમાન જૈન તામ્રપત્રાગમમંદિર** નામનું કળા કારીગરીથી ભવ્ય અને સુશોભિત મનોહર જિનાલય બંધાવી તેમાં વિ૦ સં૦ ૨૦૦૪માં સ્થાપન કરાયા છે. આ ઉપરાંત સંપૂર્ણ શુદ્ધ સંશોધિત આગમો જુદા જુદા પ્રદેશોમાં સુપ્રાપ્ય રહે તે માટે લાંબા કાળ સુધી ટકે તેવા ઉંચી જાતના લેજર પેપર પર છપાવી તેની નકલો દેશના જુદા જુદા ભાગના મુખ્ય મુખ્ય શહેરો, તીર્થસ્થાનો વગેરેમાં રાખેલ છે. આ રીતે આગમોની સુરક્ષિતતા માટે ત્રિવિધ ઉપાયો કરેલ છે.

ખરેખર આ દુઃષમકાળમાં સંસારસમુદ્ર તરવાનાં બે સાધનો શ્રી–જિનબિંબ અને શ્રીજિનાગમ એ બંનેનો સુભગ મેળ સધાયેલ ઉપર મુજબના બે જિનાલયોની સ્થાપના દ્વારા પૂ. આગમોદ્ધારકશ્રીએ વર્તમાન અને ભાવિ જૈન સંઘ પર મહાન્ ઉપકાર કર્યો છે.

ઓગણસાઠ વર્ષના દીર્ઘ દીક્ષાપર્યાયમાં તેઓશ્રીના ઉપદેશથી અનેકવિધ ધર્મકાર્યો થયાં છે, કેટલીયે વિવિધ ધાર્મિક સંસ્થાઓ સ્થપાઈ છે. **શ્રી દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ, શ્રી આગમોદયસમિતિ, શ્રી ઋષભદેવજી કેશરીમલજી જૈન પેઢી** અને એવી બીજી સંસ્થાઓ દ્વારા અનેક ધાર્મિક પુસ્તકો તથા આગમોનું પ્રકાશન એમની સતત દેખરેખ નીચે થયું છે. **શ્રી જૈન પુસ્તક પ્રચારક** સંસ્થા દ્વારા **શ્રી આગમોદ્ધારક સંગ્રહ** નામથી પુસ્તકમાળા પ્રસિદ્ધ થઇ રહી છે. પૂ૦ સાધુ–સાધ્વીજીઓના અભ્યાસ માટે સૂરતમાં **શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી જૈન પાઠશાળા** તથા શ્રાવિકાઓમાં જૈન ધર્મના અભ્યાસ માટે **શ્રી તત્ત્વબોધ જૈન પાઠશાળા** વગેરે અનેક જ્ઞાનાભ્યાસની સંસ્થાઓ તેમના ઉપદેશથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્થપાઈ છે. સુરતમાં **શ્રી જૈનાનન્દ-પુસ્તકાલયમાં** એમનો મુદ્રિત અને હસ્તલિખિત પ્રતો-પુસ્તકોનો વિપુલસંગ્રહ શ્રીજૈનસંઘ માટે સુસમૃદ્ધ પુસ્તકાલય છે. જામનગરમાં **શ્રી જૈન આનંદ જ્ઞાનમંદિરમાં** પણ મુદ્રિત અને હસ્તલિખિત પ્રતો-પુસ્તકોનો સંગ્રહ જામનગર જૈન સંઘની જ્ઞાનપિપાસાપૂર્ણ કરી રહ્યો છે. પાલીતાણા(સિદ્ધક્ષેત્ર)માં શ્રીશ્રમણસંઘ-પુસ્તકસંગ્રહમાં મુદ્રિત અને હસ્તલિખિત પ્રતો-પુસ્તકોનો ઘણો વિશાળ સંગ્રહ છે.

પૂ. આગમોદ્ધારકશ્રીએ જુદી જુદી ભાષામાં * અનેક ગ્રન્થો રચ્યા છે તથા અનેક ગ્રન્થો સંપાદિત કર્યા છે. જીવનના અંત સુધી જ્ઞાન-સાધના એમની ચાલુ હતી, ગ્રંથ રચનાઓ ચાલુ હતી.

પૂ. આચાર્યશ્રીની શારીરિક માંદગીને લીધે છેલ્લાં પાંચ ચાતુર્માસો સુરતમાં થયાં. માંદગી દરમ્યાન વેદના વ્યાધિના હલ્લાઓ આવતાં તે તેઓ ઘણી જ સમતાપૂર્વક સહતા હતા. તેમને તપાસનાર વૈદ્યો, ડૉકટરો એમ જ કહેતા : "અમારી જિંદગીમાં ઘણાયે કેસો આવ્યા અને ઘણાય સાંભળ્યા; પણ આ પૂ૦ ગુરુદેવશ્રીના જેવો કેસ હજી સુધી જોયો નથી. આટઆટલી વેદના, આટલા વ્યાધિના હલ્લાઓ છતાં આ મહાપુરુષ આવીરીતે બેસી શકે છે, ટકી શકે છે તેનું કારણ તેમનું તપોબળ આત્મબળ અસાધારણ છે તે જ છે. તેમની સમતા અને જ્ઞાન અદ્‌ભુત છે, બાકી કોઈ ટકી શકે નહિ. આવા મહાત્માની સેવાનો અમને લાભ મળ્યો તેથી અમારા આત્માને ધન્ય માનીએ છીએ." ભયંકર માંદગી હોવા છતાં કોઈપણ દિવસ આ મહાપુરુષ પોતે બોલ્યા નથી કે 'મને દુઃખ થાય છે'. ડોકટર કહે :

* જુઓ : આગમોદ્ધારક કૃતિસંદોહ ભા ૧થી૭. વિંશતિવિંશિકા-ન્યાયાવતાર સટીક, તાત્ત્વિકપ્રશ્નોત્તર વિગેરે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"સાહેબ, શું થાય છે?" તો કહે : "જુઓ નાડી. હું તો 'સમાધિમરણ'ની જ ઝંખના કરું છું."

'સમાધમરણ' દરેક જૈનધર્મીનું ધ્યેય છે. પ્રાર્થના સૂત્ર 'જયવીયરાય માં **સમાહિમરણ** ની યાચના રોજ કરીએ જ છીએ ને ! સમાધિમરણ માંગે તો બધા પણ એ પામવું અત્યંત દુર્લભ છે. તે માટે તો જોઇએ છેલ્લી અવસ્થામાં આત્મસંમુખતા, સમતાથી વેદના સહન કરવી, આત્મધર્મમાં લીન થવું વગેરે. આવી અંતિમ આરાધના કરી સમાધિમરણની પ્રાપ્તિ મહાપુરુષોને જ સુલભ હોય છે પૂ૦ **આગમોદ્ધારકશ્રી** જેવા મહાપુરુષની આવી અંતિમ આરાધના અન્ય જીવોને પણ ઉપકારક થાય જ. તેમણે અંતિમ આરાધના માટે પોતાના સમગ્ર જીવન દરમ્યાન પ્રાપ્ત કરેલ સિદ્ધાંતજ્ઞાનના નીચોડરૂપ અનેક ગદ્ય-પદ્યમય રચનાઓ કરી હતી. તેને સુગ્રથિત કરી પ્રકાશન કરવા માટેનું ભગીરથ કાર્ય તેમના અંતેવાસી શિષ્ય વૈયાવૃત્યપરાયણ પૂ૦ મુનિરાજશ્રી **ગુણસાગરજી** મહારાજશ્રીએ કર્યું છે.

પૂ. આગમોદ્ધારકશ્રીએ આ રીતે અંતિમ આરાધના માટે જે રચનાઓ કરી હતી તેનું નામ **આરાધના-માર્ગ.** આ આરાધના-માર્ગ પૂજ્ય આચાર્યશ્રીની છેલ્લી રચના છે. વિ૦ સં૦ ૨૦૦૫માં વ્યાધિએ જોર પકડયું પણ તેઓશ્રી તો સમતાથી સહન કરતા હતા ને આરાધનામાં લીન રહેતા હતા. આ વખતે સ્વ-પર-ઉપકારક **આરાધના-માર્ગની** રચના તેઓશ્રીએ કરી. સાથે સાથે પંચસૂત્રની અવચૂરિ વગેરેની રચના પણ ચાલુ રાખી હતી.

આ આરાધના-માર્ગની રચનાઓમાંથી વિ૦ સં૦ ૨૦૦૬માં મૂળ રચના તથા ગુજરાતી ભાવાર્થ સાથે ૫૦૦ શ્લોક વગેરેનું **'આરાધના માર્ગ'** પુસ્તક પ્રસિદ્ધ થયેલ. અત્યારે તે અપ્રાપ્ય હોવાથી હાલ

૫૪૯ શ્લોક વગેરેનો ફક્ત ગુજરાતી ભાવાર્થ આ પુસ્તક **આરાધના–માર્ગ**માં પ્રકાશિત થાય છે.

વિ૦ સં૦ ૨૦૦૬માં આરાધના–માર્ગની રચના પૂ. આગમોદ્ધારકશ્રી કરતા હતા ને પોતે પણ આરાધનામાં લીન રહેતા હતા. તેઓશ્રી એક જ વાત ઉચ્ચારતા હતા કે 'મારી આરાધના થાય. મરણનો ભય નથી પણ સમાધિમરણ થાય.' વિ૦ સં૦ ૨૦૦૬ના વૈશાખ સુદ પાંચમે સવારે પોતે જાણે જાણકાર હોય તેમ કહેવા લાગ્યા કે 'પાંચમની છઠ કોઈ કરનાર નથી. દેવતા આવે તો પણ અસાધ્ય છે. મારે ડોકટર વગેરે કોઇની જરૂર નથી. મારે મારો નવકાર બસ છે.' ત્યારથી આ મહાપુરુષ આ છેલ્લી માંદગીમાં પોતાના શરીર સાથેનો સંબંધ પંદર દિવસથી છોડી દઇને અર્ધપદ્માસને બેસીને મૌન પણું જ અંગીકાર કરીને વિ૦ સં૦ ૨૦૦૬ના વૈશાખ વદ પાંચમે બપોરે ૪–૩૨ વાગે અમૃત ચોઘડિયામાં પોતાના **અનન્ય–પટ્ટધર** ગચ્છાધિપતિ આચાર્ય દેવશ્રી **માણિક્યસાગર–સૂરીશ્વરજી** મ૦ આદિ વિશાળ સાધુ સમુદાય તથા ભાવિક શ્રાવકો વગેરેના મુખથી શ્રીનવકાર મહામંત્ર સાંભળતાં કાયાથી આત્માને ભિન્ન માનનાર આ આરાધના માર્ગના પ્રણેતા અર્ધપદ્માસને સમાધિપૂર્વક શ્રી ચતુર્વિધ સંઘની હાજરીમાં સૂરત ગોપીપુરા માળીફળિયામાં આવેલ શ્રી મંછુભાઇ દીપચંદ જૈનધર્મશાળા(લીમડાનો ઉપાશ્રય)માં કાળધર્મ પામ્યા.

પૂ૦ આગમોદ્ધારકશ્રીના કાળધર્મ પામ્યાના સમાચાર વાયુવેગે દેશ પરદેશ પ્રસરી ગયા. બીજે દિવસે વૈશાખ વદ છઠે શ્મશાનયાત્રામાં ભાગ લેવા કેટલાયે ગામોથી હજારો જૈન ભાઇઓ આવી પહોંચ્યા. ગામ બહારગામના હજારો જૈન જૈનેતર ભાવિકો સ્મશાન યાત્રામાં જોડાયા હતા.

આવા પ્રભાવશાળી મહાત્માનો અગ્નિસંસ્કાર શહેરમાં તેમની ચિરસ્મરણતા ઉપકારક થતી રહે તેવા સ્થાને જ થવો જોઇએ તેવી ભાવના મૂર્તિમંત થઈ અને ગોપીપુરા જુની અદાલતના નામથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઓળખાતી શ્રીઆગમોદ્ધારક સંસ્થાની માલીકીની જમીન ઉપર ચંદન કાષ્ઠથી અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

પૂ૦ ગુરુદેવશ્રીનો નશ્વર દેહ તો વિલીન થઇ રહ્યો...હવે તેમના વિરહકાળમાં તેમની યાદ જળવાઇ રહે. તેમનાં કરેલાં કાર્યો જૈન સંઘને માર્ગદર્શક થતાં રહે તે માટે અગ્નિસંસ્કારના સ્થાને શ્રીગુરુમંદિર બંધાવી તેમાં શ્રી આગમોદ્ધારક ગુરુદેવશ્રીની પ્રતિમા સ્થાપન કરવાનું શ્રીસંઘે નક્કી કર્યું. વિ૦ સં૦ ૨૦૦૭માં ગુરુમંદિર બંધાઇ ગયું. વિ૦ સં૦ ૨૦૦૭ના મહા સુદ ત્રીજ શુક્રવારે શ્રી ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા ગુરુમંદિરમાં થઇ. પૂ૦ ગુરુદેવશ્રીએ કરેલ શાસનપ્રભાવક કાર્યો વગેરેની ઐતિહાસિક માહિતી ગુરુમંદિરમાં રંગમંડપમાં ચિતરાવેલી છે. દર્શન કરનાર પર આજે પણ તે ઉપકાર કરી રહી છે, ભવિષ્યમાં પણ ઉપકાર કરતી રહેશે.

પૂ. તારક ગુરુદેવ **આગમોદ્ધારક-શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ૦** ને કોટિ કોટિ વંદના


આરાધના-માર્ગનું આ પુસ્તક વાંચકોને આરાધના માટે પ્રેરણા રૂપ થશે જ એવી શ્રદ્ધા સાથે વિરમું છું.

ગોપીપુરા, ચાંલાગલી, સૂરત-ર.<br>
વિ સં. ૨૦૨૪ વિજયા દસમી<br>
મંગળવાર, તા. ૧-૧૦-૧૯૬૮

લિ૦<br>
**ગુણવંતલાલ જેચંદભાઇ ઠાર**

પ૦ પૂ૦ આગમોદ્ધારક આચાર્યપ્રવર

શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ



ધ્યાનસ્થસ્વર્ગત આગમોદ્ધારક

આચાર્ય શ્રી **આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજે કરેલી

# આગમિક સંપાદિત કૃતિઓ

## અંગાનિ

| અંગાનિ | સંવત |
|---|---|
| આચારાંગ ચૂર્ણિ | ૧૯૯૮ |
| આચારાંગ સટીક | ૧૯૬૨ |
| સૂત્રકૃતાંગ ચૂર્ણિ | ૧૯૯૮ |
| સૂત્રકૃતાંગ સટીક | ૧૯૭૩ |
| સ્થાનાંગ સટીક | ૧૯૭૫ |
| સમવાયાંગ સટીક | ૧૯૭૪ |
| ભગવતી સટીક (અભય૦) | ૧૯૭૪ |
| ભગવતી ટીકા (દાનશેખર) | ૧૯૯૨ |
| જ્ઞાતાધર્મકથા | ૧૯૭૫ |
| ઉપાસક સટીક | ૧૯૭૬ |
| અંતગડ-અનુત્તર-વિપાક સટીક | ૧૯૭૬ |
| પ્રશ્નવ્યાકરણ સટીક | ૧૯૭૫ |
| અંગ અકારાદિ | ૧૯૯૩ |

## ઉપાંગાનિ

| | સંવત |
|---|---|
| ઔપપાતિક સટીક | ૧૯૭૨ |
| રાજપ્રશ્નીય સટીક | ૧૯૮૧ |
| જીવાજીવાભિગમ સટીક | ૧૯૭૫ |
| પ્રજ્ઞાપના સટીક (મલય૦) | ૧૯૭૪ |
| પ્રજ્ઞાપના સટીક (હારિ૦) | ૨૦૦૩ |
| સૂર્યપ્રજ્ઞપ્તિ સટીક | ૧૯૭૬ |
| જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સટીક | ૧૯૭૬ |
| ઉપાંગપ્રકીર્ણક વિષયાનુક્રમાદિ | ૨૦૦૫ |

## છેદ

| | |
|---|---|
| કલ્પસૂત્ર (બારસા) | ૧૯૭૦ |
| કલ્પ સૂત્ર સુખબોધિકા | ૧૯૬૭ |
| કલ્પ કૌમુદી | ૧૯૯૨ |
| કલ્પસૂત્ર સુખબોધિકા | ૧૯૯૫ |
| કલ્પસમર્થન | ૧૯૯૪ |

## પયન્ના

| | |
|---|---|
| તંદુલવૈચારિક સટીક<br>ચતુ:શરણ સાવચૂરિક | ૧૯૭૮ |
| ચતુ:શરણાદિ મરણ–<br>સમાધ્યન્ત પ્રકીર્ણદશક | ૧૯૮૩ |
| ગચ્છાચાર પ્રકીર્ણ સટીક | ૧૯૮૦ |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| મૂલસૂત્રાણિ | સંવત |
|---|---|
| આવશ્યક સટીક (હારિ ) | ૧૯૭૨ |
| આવશ્યક સટીક (મલય૦) | ૫૯૮૪ |
| આવશ્યક ચૂર્ણિ | ૧૯૮૪ |
| ષડાવશ્યક સૂત્રાણિ | ૧૯૯૨ |
| પાક્ષિક સૂત્ર | ૧૯૬૭ |
| વિશેષાવસ્યક (કે.આ) | ૧૯૯૩ |
| ઓઘનિર્યુક્તિ સટીક | ૧૯૭૫ |
| દશવૈકાલિક ચૂર્ણિ | ૧૯૮૯ |
| દશવૈકાલિક સટીક | ૧૯૭૪ |
| પિંડનિર્યુક્તિ સટીક | ૧૯૭૪ |
| ઉત્તરાધ્યયન ચૂર્ણિ | ૧૯૮૯ |

| | સંવત |
|---|---|
| ઉત્તરાધ્યયન સટીક | ૧૯૭૨ |
| નંદીસૂત્ર ચૂર્ણિ<br>નંદીસૂત્ર વૃત્તિ (હારિ૦) | ૧૯૮૪ |
| નંદીસૂત્ર સટીક | ૧૯૮૦ |
| અનુયોગ દ્વાર ચૂર્ણિ<br>અનુયોગદ્વારવૃત્તિ(હારી૦) | ૧૯૮૪ |
| અનુયોગદ્વાર સટીક | ૧૯૭૨ |
| નંદ્યાદ્યકારાદિ | ૧૯૮૪ |
| આગમીય સુક્તવલ્યાદિ | ૨૦૦૫ |

**આગમરત્ન મંજુષા** (૪૫ આગમો મૂળનિર્યુક્તિ સાથે) ૧૯૯૯

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

द्रव्य सहायक

*

५१-०० सुरतनिवासी स्व० बचुभाई मोतीचंद झवेरीना स्मरणार्थे तेमना धर्मपत्नी निर्मलाबेन तरफथी.

५१-०० सा. श्री मृगेन्द्रश्रीजी म०ना सुशिष्या सा० श्री ऋजुप्रज्ञाश्रीजी म.नी शुभ प्रेरणाथी.
બુહારીનિવાસી સ્વ૦ શેઠ ઝવેરચંદ પન્નાજીના સ્મરણાર્થે હા. નેમચંદ જીવણજી

# શુદ્ધિપત્રક

| પેજ | લાઈન | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૪ | ૭ | કે. આ | કોટ્યા૦ |
| ૬ | ૪ | તેજરવી | તેજસ્વી |
| ૧૭ | ૨૨ | ૨૦૮ | ૨૦૭ |
| — | ૨૩/૨૪ | ૦ | સમાધિવાળો આત્મા કોઇપણ જગો પર રાગવાળો થતો નથી (૨૦૮) |
| ૨૧ | ૧૮ | કાઠન | કઠિન |
| ૪૨ | ૧૯ | વૈદ્ય લોકમાં | વૈદ્ય કુશળ હોય તે વૈદ્ય લોકમાં |
| ૫૫ | ૧૯ | પામ્યા | પામ્યા તેને |
| ૫૬ | ૯ | કરા | કરો |
| ૬૧ | ૧૯ | આગમોદ્ધારકસમિતિ. | આગમોદ્દયસમિતિ |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

णमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स

आगमोद्धारक-आचार्यप्रवरश्रीआनंदसागरसूरीश्वरेभ्यो नमः

આગમોદ્ધારકકૃત

# આ રા ધ ના મા ર્ગ

( ભાવાર્થ )

હે જિનેશ્વર ભગવાન્! અન્ય દેવોમાં સમભાવવાળી બે ચક્ષુઓ નથી, પ્રસન્નમુખ નથી, હથિયારથી શૂન્ય બે હાથ નથી અને સ્ત્રીઓથી રહિત ખોળો નથી. એ હેતુથી એ દેવોની મૂર્તિ મોક્ષને માટે કેવી રીતે થાય? અર્થાત્ ન જ થાય. (૧)

હે વિભુ! શાન્ત એવાં તમારાં બે નેત્રો, તમારું પ્રસન્નમુખ અને પર્યંકાસને રહેલી તમારી સુંદર આકૃતિ જોઈને મારા આત્માને શાંતિ થઈ. (૨)

સજ્જન પુરુષોએ મોક્ષને માટે પોતાનું આત્મસ્વરૂપ જેવી રીતે કરવું જોઈએ તેવા પ્રકારનું તમારું પ્રતિબિંબ જોઈને હું સ્થિર થયો છું. જેથી આ સંસારમાં પણ મારા અંતરમાં મુક્તિની અવસ્થાને લાવું. (૩)

હે પ્રભુ! સંસારસમુદ્રમાંથી તારનાર એવા ધર્મને તમારા વિના બીજો કોણ મને બતાવે? કારણ કે બીજાઓ અજ્ઞાની હોવાથી ઉત્કૃષ્ટશ્રુતને શી રીતે કહે? (૪)

હે જિનેન્દ્ર! તમારું શુદ્ધ વર્તન, જ્ઞાન, તીર્થ અને દેશના છે માટે સાચા દેવાધિદેવ તમે જ છો અને સંસારસાગરમાંથી તારનાર પણ તમે છો. (૫)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અન્યદેવોએ પૃથ્વીવગેરે જીવો અને ધર્માસ્તિકાયઆદ અજીવો પણ જાણ્યા નથી તો પછી તેઓ વ્યવસ્થાવાળા જગતને શી રીતે કહે ? અર્થાત્ ન કહી શકે. (૬)

જીવો ઇન્દ્રિયગમ્ય એવા સ્પર્શવગેરેથી રહિત માનવામાં આવેલા છે, આથી સર્વજ્ઞને તે પ્રત્યક્ષ છે. તેથી સર્વજ્ઞ સિવાય બીજાઓ કેવી રીતે તત્ત્વોને કહે ? અર્થાત્ તેઓ કહેવાને સમર્થ નથી. (૭)

આત્માવગેરે અતીન્દ્રિયપદાર્થોને જિનેશ્વરથી બીજાઓ અનુકરણથી જાણનારા અને કહેનારા છે, પણ તત્ત્વથી નહિ. (૮)

યુગની આદિમાં જે સાધુ, જ્ઞાની અને ધર્મના ઉપદેશક થયા તે જિનેશ્વર ભગવાનને વિષે તેનું અનુકરણ કરવાવાળા એવા બીજાઓએ જીવાદિ પદાર્થો કહ્યા. (૯)

સર્વ દેવો સ્ત્રીએ કરીને સહિત છે, હિંસાઆદિમાં તત્પર છે તે માટે ન્યાયના અનુસારે એમાંથી કોઈ પણ સર્વજ્ઞ હોઇ ન શકે. (૧૦)

બીજાઓએ શરીરે કરીને હીન, અને ઉપાદાનાદિ સાધનોથી રહિત એવો કર્ત્તા જગતમાં કલ્પ્યો છે. એથી લોકોને માન્ય એવી નીતિઓને ઉલ્લંઘન કરનાર એવો ઈશ્વર માન્યો છે. (૧૧)

બીજાઓએ ઇશ્વરને વિષે શરીર બીજાના અદૃષ્ટ (કર્મ)થી ઉત્પન્ન થયેલું છે એમ માન્યું છે. સસલાનાં શીંગડા સમાન એવા તે વચનને વિદ્વાન પુરુષ કદી ન બોલે. (૧૨)

વિચિત્રસ્વભાવવાળા જગતમાં રહેલા પદાર્થોને જોયા છતાં ઇશ્વરને વિષે કાર્ય, આયોજનવગેરેની હેતુતા કેવી રીતે માની ? અર્થાત્ માનવા યોગ્ય નથી. (૧૩)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેવો ઉદય તથા જેવું ભાવિ હોય તે પ્રમાણે જીવ કર્મને વેદે છે. પરિપક્વ દશાને પામેલું કર્મ મનુષ્ય કેમ ન વેદે? અર્થાત્ અવશ્ય વેદે. (૧૪)

ઉદયમાં આવેલો સાતા કે અસાતાનો ઉદય ભોગવ્યા વગર ખસતો નથી. (૧૫)

સાધનો અંતરાયકર્મક્ષયના અનુસારે મળે છે. (૧૬)

જિનેશ્વર ભગવાને જે જ્યાં જેમ થવાનું જોયું છે તે ત્યાં તે જ પ્રમાણે થાય છે. (૧૭)

ચિકિત્સાની ક્રિયામાં વૈદ શૂરવીર છે, પરંતુ શુભ, અશુભ કર્મને વિષે વૈદ સમર્થ નથી. (૧૮)

કીડા જેમ કણના અનુમાનથી હોય છે, તેમ વેદવા યોગ્ય કર્મ બન્ધના અનુમાનથી હોય છે. (૧૯)

(૧) ક્રૂરમાં પ્રચુર વેદના, (૨) ક્રૂરમાં અલ્પ વેદના, (૩) મંદમાં પ્રચુર વેદના અને (૪) મંદમાં અલ્પ વેદના એમ સંસારમાં આ ચતુર્ભંગી છે. આ બધું કર્મના અનુસારે હોય છે. (૨૦)

પૂર્વે કરેલાં પાપો આ જન્મમાં ભોગવાય છે. અને આ જન્મમાં કરેલાં પાપો પરભવમાં ભોગવાય છે. તેવી રીતે પૂર્વ-ભવમાં ઉપાર્જન કરેલાં અને આ જન્મમાં કરેલાં પાપો પણ આ ભવ અને પરભવમાં ભોગવાય છે. (૨૧)

જે યોગો, કરણો, ક્ષેત્રો, અને કાલો વડે જીવોથી કર્મ બંધાય છે તે કર્મ તે જ યોગ આદિ વડે જીવોએ ભોગવવું જોઇએ એવી નીતિ જિનપ્રવચનમાં નથી. (૨૨)

વૈયાવચ્ચમાં તત્પર એવા શ્રાવકો મારી અનેક પ્રકારે સેવા કરે છે. વૈયાવૃત્યમાં ઓતપ્રોત એવા મુનિઓ પણ ઉત્સાહભેર જીવનપર્યંત સેવા કરે છે. (૨૩)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આયુષ્ય પૂરું થયું નથી તેનું મરણ નથી, તેમજ આયુષ્ય વગરનાનું જીવન નથી. (૨૪)

ઈંદ્રે **વીર** ભગવાન સાથે શુભ યોગ સાધ્યો નહિ. અર્થાત્ **ભસ્મ**ગ્રહનો યોગ નિવારી શકાયો નહિ. (૨૫)

**મહાવીર** ભગવાનને આયુષ્ય વધારવા માટે ઇન્દ્રની કરેલી વિજ્ઞપ્તિ નિષ્ફળ ગઈ, કારણ કે મહાપુરુષો હંમેશાં લોકસ્વભાવને જ જણાવનારા હોય છે. (૨૬)

બન્ધમાં જે ભાવ અને કષાયો છે તે વેદનને અનુસરતા છે. (૨૭)

રોગો અશાતાના ઉદયથી ઉત્પન્ન થયેલા છે. (૨૮)

શાતા કે અશાતાના ઉદય પ્રમાણે સહાયો મળે છે. (૨૯)

કર્મને યોગ્ય જ વૈદ્યો તથા ઔષધિઓ મળે છે.

પુણ્યના ઉદયથી શુભ સહાયવાળા મળે છે. (૩૧)

શાતા કે અશાતા જીવે કરેલા કર્મથી ઉત્પન્ન થયેલી છે. (૩૨)

વૈદ્ય ઉદ્યમ કરનાર છે, પણ ફળ તો કર્મને આધીન છે. (૩૩)

ક્ષણે ક્ષણે પરિણામો વિવિધ પ્રકારે થાય છે. (૩૪)

પરિણામને અનુસારે કર્મ આવે છે. (૩૫)

પરિણામો વિચિત્ર પ્રકારના હોય છે અને કર્મો પણ વિચિત્ર પ્રકારના હોય છે. (૩૬)

સમયે સમયે સંસારમાં જીવ ઉદય પ્રમાણે વિચિત્ર કર્મોને વેદનાર છે. (૩૭)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાંબી પીડાવાળા મનુષ્યો ક્ષુબ્ધ-કાયર હોય છે. (૩૮)

પીડાના મૂળને જોનારા-વિચારનારા હંમેશાં અક્ષુબ્ધ-ધીર હોય છે. (૩૯)

મૃત્યુના અનવસરને હું જાણતો નથી. (૪૦)

વ્યાધિઓનું કારણ કર્મ છે, અને પીડાનું સહન કરવું તે નિર્જરા માટે થાય છે. (૪૧)

સમાધિથી થવાવાળા મૃત્યુને હું ઈચ્છું છું. (૪૨)

વિધાતાના નામને ધરાવનારા તેઓ પણ નાશ પામ્યા. (૪૩)

સિદ્ધ થયેલાને જ મરણ નથી. (૪૪)

જગત્ તારું નથી અને તું જગતનો નથી. (૪૫)

મરી ગયેલો જેમ કંઇ પણ સંગાતવાળો નથી, તેમ અંત્ય અવસ્થાએ પણ મનુષ્ય કંઈ પણ સંગવાળો નથી. અર્થાત્ તમામ અત્રે મૂકીને જવાનું છે. (૪૬)

ભાગ્યોદયથી જ સમાધિવાળું મૃત્યુ થાય છે. (૪૭)

જે થવાનું છે તે વિપરીત થતું નથી. (૪૮)

જે ભાવો જે પ્રમાણે થવાના છે તે પ્રમાણે તે ભાવો થવાના છે, પણ પલટાવાના નથી. (૪૯)

શાસ્ત્રોનાં વચનો અમૃત સરખાં છે. (૫૧)

જ્યારે જે જીવનું કલ્યાણ થાય છે, ત્યારે તેને સારું વચન-એ સમ્યગ્ માર્ગ પ્રાપ્ત થાય છે. (૫૨)

મોતનું હરણ આગમના વચનથી થાય છે. અર્થાત્ આગમમાં કહેલા વચન પ્રમાણે વર્તવાથી થાય છે. (૫૩)

નિશ્ચિત આવવાવાળા મૃત્યુથી ભય ન રાખવો. (૫૪)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જો સમાધિવાળું મૃત્યુ થાય તો જન્મ સફળ છે. (૫૫)

શાન્તિથી જો તું વ્યાધિને સહન કરીશ તો હે ચેતન! વ્યાધિઓ તને નિર્જરા માટે થશે. (૫૬)

વ્યાધિ વિના અશાતા નથી. (૫૭)

છીંક, બગાસું આદિથી મરણ તો યુગલિયાઓનું જ થાય. (૫૮)

દુઃખને છાતી આપનાર ધીર ગણાય. અર્થાત્ ધીરપુરુષ દુઃખની સામે થાય છે, પણ પીઠ દેખાડતો નથી. (૫૯)

દુઃખને સહન કરવામાં જ અત્યન્ત નિર્જરા થાય છે. (૬૦)

દુઃખોનું સહન કરવું તેમાં જ સાધુતા–સજ્જનતા છે. (૬૧)

મૃત્યુ આવે ત્યાંસુધીની જે આરાધના રહે તે જ આરાધના ધર્મમય ગણાય. (૬૨)

કષ્ટવાળું શૂરવીર પુરુષોથી જ સધાય છે. (૬૩)

કષ્ટવાળો ધર્મ ઉત્તમ ગણાય છે. (૬૪)

ધર્મમાં ધૈર્ય રાખવું તે મહાફળવાળું થાય છે. (૬૫)

તે જ આરાધના છે કે જે મરણના છેડા સુધી રહે. (૬૬)

ક્રિયા ફળવાળી નથી, પરંતુ મરણના છેડા સુધી રહેવાવાળી ધર્મ–વિષયક ક્રિયા ફળવાળી છે. (૬૭)

બન્ધને અનુસારે તીવ્ર, મંદ તથા મધ્યમ કર્મના વિપાકો–ઉદયો થાય છે. (૬૮)

સુગતિમાં જનારને અહીંયાં જ ઘણું પાપ વેદી–ભોગવી લેવાનું હોય છે, કેમકે ત્યાં તે નથી. (૬૯)

ઉદયને અનુસરીને કર્મની શ્રેણીનું ભોગવવાનું હોય છે. (૭૦)

ઉદયમાં આવેલો વિપાક પક્ષપાત વગરનો છે. (૭૧)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરિપક્વ દશાને પામેલું કર્મ તેને વિષે તપ ગતિ કરતું નથી. અર્થાત્ અસર કરતું નથી. (૭૨)

તારું પાપ તપથી પણ ક્ષય થયેલું નથી, તો પછી હમણાં ઉદયમાં આવે છતે એનો ભય શો ? (૭૩)

તપસ્યાથી ક્ષીણ નહિ થયેલું કર્મ પંડિત પુરુષોને પણ નિયમે કરીને ભોગવવું પડે છે. (૭૪)

પાપના ફળોને-ઉદયને ભોગવવામાં બુદ્ધિ ચાલતી નથી. (૭૫)

મનને અનુસારે મરણ થવાનું નથી. (૭૬)

જીવના મનને જીવિત અનુસરતું નથી. (૭૭)

જગતનો પ્રભાવ છે કે થવાવાળું તો થાય છે જ. (૭૮)

નહિ થવાવાળું ઈન્દ્રથી પણ કરાતું નથી. (૭૯)

જ્યારે તીવ્ર અશાતા ઉદયમાં આવે છે, ત્યારે કોઇ પણ વસ્તુ ઈષ્ટ લાગતી નથી. (૮૦)

પ્રચંડ પાપ ઉદયમાં આવે છતે શબ્દાદિ વિષયો પણ ઊલટા થઈ જાય છે. (૮૧)

રોગીના કર્મને અનુસાર સહાયો અને સાધનો મળે છે. (૮૨)

રોગીઓનું મન કર્મને ઓળંગી શકતું નથી. (૮૩)

સજ્જન પુરુષોને જીવિત કે મરણની ઈચ્છા હોતી નથી. (૮૪)

હે આત્મન્ ! ભાવિ થવાવાળું જોઈને પોતાના સ્વરૂપમાં-આત્મસ્વરૂપમાં સ્થિર થા ! (૮૫)

મનનું ચંચળપણું કર્મના બંધને માટે થાય છે, તેવી જ રીતે મનની સ્થિરતા કર્મના ક્ષયને માટે થાય છે. (૮૬)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હાથીને સૂપડા જેવાવગેરે કહેનારા પક્ષો સાચા હાથી વખતે છોડવા લાયક થાય છે તો પછી આ શરીર આશ્રીને રહેલાને બહારની વસ્તુનું શું કહેવું ? અર્થાત્ બહારની વસ્તુ તો છોડવાની જ છે. (૮૭)

આર્યોને શરીર ત્યાગ કરવા યોગ્ય છે (૮૮)

પોતાનું મન, વચન ને કાયાનું બળ ક્ષીણ થયે છતે બીજાની કરાવેલી જ બધી ચેષ્ટા થાય છે. (૮૯)

વૈયાવૃત્યકરનારની સ્ખલના થયે છતે સહનતા વગરનો માર્ગથી ખસે છે.[૯૦]

કર્મના ઉદયને વિચારનાર દુઃખી એવો બુદ્ધિમાન્ પોતાના સ્વરૂપને પામે છે. અર્થાત્ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે. (૯૧)

નિઃસ્પૃહપણું દરેક જગા પર શાન્તિ માટે થાય છે. (૯૨)

મમતા સિવાય પીડા નથી. (૯૩)

કરવાને, નહિ કરવાને અને અન્યથા કરવાને-પલટાવાને જો તું સમર્થ નથી, તો પછી શાન્તિનો આશ્રય કર ! (૯૫)

હે આત્મા ! જેટલા ભવોએ ભવ્યોનું કલ્યાણ થવાનું છે. તેટલા ભવોએ નિશ્ચયે કલ્યાણ થાય છે. (૯૬)

હઠથી વેદનાને ભોગવવા માટે **વીર** ભગવાન્ લાટ અનાર્ય દેશમાં ન ગયા ? અર્થાત્ ગયા. (૯૭)

હે સાધુ ! તારા વગર પ્રયત્ને આ વ્યાધિ તારા કર્મને ફાડનાર-નાશ કરનાર છે. (૯૮)

હર્ષમાં કે ખેદમાં રોગનું સહન કરવું તેમાં ભેદવાળું નથી. અર્થાત્ નાખુશીથી સહન કરવામાં ઓછું થતું નથી. (૯૯)

આ રોગની શ્રેણિ કરેલા પાપની શ્રેણિના ભારથી થયેલી છે. (૧૦૦)

કર્મરૂપી શત્રુ તારા આધીન નહિ હોવાથી આ રોગો છે. (૧૦૧)

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્ઞાની પુરુષોએ ભાવોનું થવાનું નિયમિતપણું જેવી રીતે જોયું છે તેવી રીતે થાય છે. (૧૦૨)

સંસાર (જગત)માં થવાવાળા ભાવો-આત્માના પરિણામો કર્મોદયથી રહિત હોતા નથી. (૧૦૩)

હે જીવ ! તેં પોતે કરેલાં જ પાપો તારે વેદવાનાં છે. અર્થાત્ ભોગવવાનાં છે. (૧૦૪)

પોતાના કરેલા કર્મનો બીજામાં સંક્રમ નથી અને બીજાએ કરેલા કર્મનું તારે વેદન-અનુભવવાનું નથી, તે કારણથી પોતાનાં કરેલાં પાપોનું પોતાને જ વેદન છે એમ જાણ. (૧૦૫)

મરેલો જન્મ ધારણ કરનાર થાય કે ન પણ થાય, પરંતુ જન્મેલો તો અવશ્ય ઇચ્છા ન હોવા છતાં પણ મૃત્યુને પામે છે. (૧૦૬)

આ આખું જગત્ મૃત્યુના ભયથી વ્યાપ્ત છે, પણ સમ્યગ્દૃષ્ટિ જીવ જન્મવાથી જ વિરક્ત છે. અર્થાત્ જન્મને અંગે ભયવાળા છે. (૧૦૭)

સદ્‌ગતિ-મોક્ષરૂપી કન્યાને પરણવા માટે મરણ સિવાય બીજી કોઈ વેદિકા નથી. (૧૦૮)

સંસારમાં મરણથી કંટાળેલો મનુષ્ય સ્વર્ગરૂપી સ્ત્રીની પ્રીતિવાળો થતો નથી. (૧૦૯)

સમ્યક્ત્વ આદિના પ્રભાવથી પુણ્યશાળી આત્માઓને થોડા જ મરણ કરવાનાં હોય છે. અર્થાત્ ભવની ગણતરી હોય છે. (૧૧૦)

જગતમાં જન્મ તો સગાસંબંધીઓના હર્ષને માટે થાય છે, જ્યારે સમાધિવાળું મરણ પોતાને તથા સ્નેહીઓને આનંદ માટે થાય છે. (૧૧૧)

કલ્પવૃક્ષ સરખો ધર્મ કેમ કહેવાય છે ? કારણ કે તે અચિન્ત્ય સુખને આપનાર છે. (૧૧૨)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધર્મની ભાવનાવાળો એવો ભાગ્યશાળી આત્મા સકામમરણને મેળવે છે. (૧૧૩)

જગત્ મરણથી ભય પામે છે પણ તેનો-મરણનો નાશ કોઈએ કર્યો નથી. (૧૧૪)

જન્મથી ભય પામેલો જીવ જન્મની પરંપરાને છેદે છે. અર્થાત્ નાશ કરે છે. (૧૧૫)

મરણના સમયે સમાધિની ઈચ્છાવાળો આત્મા પુણ્યશાળી છે. (૧૧૬)

સમાધિવાળો પ્રાણી સેંકડો મરણને ભેદી નાંખે છે. (૧૧૭)

એક વખત થયેલું સમાધિ-મરણ મરણ આદિને ભેદનાર થાય છે. (૧૧૮)

સજ્જન પુરૂષોનું ધર્મબુદ્ધિથી-સદ્બુદ્ધિથી વાસિત થયેલું એવું એક મરણ સેંકડો મરણનો નાશ કરે છે. (૧૧૯)

મૃત્યુ નિવારવાનું ઔષધ મૃત્યુ છે એટલે સમાધિ-મરણ છે. અર્થાત્ સમાધિ મરણથી મરણોનો નાશ થાય છે. (૧૨૦)

હે જીવ! જે થવાનું નથી તે થતું નથી અને જે થવાનું છે તે પલટાતું નથી. (૧૨૧)

હે આત્મા! તું દુઃખથી ખેદ ન પામ, કારણ કે તે પ્રચંડ પાપને નાશ કરનાર છે, (૧૨૨)

કૂવાની છાયા જેમ નિષ્ફળ છે તેમ હે જીવ! ભવિષ્યમાં શું થશે એ જાણવાની ઇચ્છા પણ ફોગટ છે. (૧૨૩)

ભાવિને અન્યથા કરવાની-પલટાવવાની તારામાં શક્તિ નથી તો પછી તેને જાણવા વડે શું? (૧૨૪)

હે મનુષ્ય! જે જ્ઞાન ત્યાગ કરવામાં કે લેવામાં-ગ્રહણ કરવામાં વ્યર્થ છે તે જ્ઞાનથી તારે શું? (૧૨૫)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હે ધર્મિષ્ટ ! ભાવિને વિચારીને ચિંતારહિત થઇ આત્માના સ્વરૂપમાં તું સ્થિર થા ! (૧૨૬)

હે આત્મા ! જેમ જેમ તું ચિંતાસાગરમાં ડૂબે છે તેમ તેમ તું વિકારને પામે છે. (૧૨૭)

જો સ્થિરતામાં તારૂં મન આવે તો આત્મરાજ્ય–આત્મસ્વરૂપ થશે. તેમ નહિ થાય તો પીડા થશે (૧૨૮)

હે જીવ ! તેં અનંતા જન્મો અને મરણો અનુભવ્યાં છે. (૧૨૯)

વિશ્વના કર્તા તરીકે પ્રસિદ્ધિને પામેલા તેવાઓ પણ રાખોડામાં મળી ગયા. (૧૩૦)

શોક નહિ કરવા લાયકનો તું શોક ન કર ! કારણ કે બધું જવાવાળું છે તેથી તેનો શોક કરવો તે યોગ્ય નથી. (૧૩૧)

કાર્યના અંશને કરવાવાળાઓએ શોક કરવો ન જોઇએ. કારણ કે સત્કાર્ય કરનારાઓ સદ્‌ગતિ જ પામે છે. (૧૩૨)

જેઓએ સુકૃતની શ્રેણિઓ કરી છે તેઓને જગતમાં કંઇ શોક કરવા લાયક નથી. (૧૩૩)

હે જીવ ! અશુભ દૂર થાય તે માટે તું ચિંતા કર ! ધનાદિ નાશવંત ચીજોની ચિંતા કરવી એ વૃથા છે. (૧૩૪)

આખા ભવમાં કરેલાં તારા પુણ્યોનું પોષણ મરણાન્તે અનુમોદન થાય તો થાય. (૧૩૫)

તારી પાપની શ્રેણિ શું ભોગવ્યા વગર નાશ પામશે? અર્થાત્ ભોગવ્યા વગર નાશ નહિ પામે. (૧૩૬)

જો પાપ પીડા વિના નાશ પામતું હોત, તો કયો જીવ દુઃખને ભોગવવાવાળો–દુઃખી થાત ? (૧૩૭)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જો બીજાના પાપોથી થયેલી પીડાને તું સહન કરે તો જગતમાં તારી અતિશયિતા ગણાય. ૧૩૮

પોતાના પાપના ઉદયથી અનિષ્ટવેદનાનું વેદવું મોટા પુરુષોને પણ હોય છે. (૧૩૯)

હે ચેતન ! પગલે પગલે–સમયે સમયે જ્ઞાનની સ્થિતિને તું વિચાર ! અર્થાત્ તેમાં ઉપયોગ રાખ. (૧૪૦)

જગતમાં ઉત્પન્ન થયેલી ઘણી એવી વેદનાઓ વડે ચૈતન્ય ચલાયમાન (નાશ) થતું નથી. (૧૪૧)

મરણમાં આના વિયોગને અંગે અશાતા થાય તેમાં શું આશ્ચર્ય ? (૧૪૨)

તારો જેવા પ્રકારનો ઉદય હોય તેવા પ્રકારે બીજાનું વર્તન તારા પ્રત્યે થાય. (૧૪૩)

હે જીવ ! આત્માને તેવા સંસ્કારવાળો કર કે જેથી જન્માન્તરમાં શુદ્ધ ધર્મને તું પામે. (૧૪૪)

જેમ કપાસના સંસ્કારથી રંગીન રૂ થાય છે, તેમ સંસ્કારથી કરેલા ધર્મનું પરભવમાં ફળ છે. (૧૪૫)

વાવેલું અનાજ આદિ જેમ ફળ આપે છે. તેમ કરેલો ધર્મ પરભવમાં અવશ્ય ફળ આપે જ છે. (૧૪૬)

દેવાની જેમ આ લોકમાં કે પરલોકમાં તારે કર્મ અવશ્ય ભોગવવું પડશે. (૧૪૭)

દેવું જલદી આપનાર દેણદાર સારો ગણાય. (૧૪૮)

જો તને સુખની ઈચ્છા હોય તો તું કર્મરૂપી દેવાથી મુક્ત થા ! (૧૪૯)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જીવ નિત્ય છે, ને કર્મ નાશ પામવાવાળી ચીજ છે તે તું શું નથી જાણતો ? (૧૫૦)

દેવાથી વિદ્વાન્ પણ સ્વતંત્રપણાનો ત્યાગ કરે છે. અર્થાત્ પરાધીન થાય છે. (૧૫૧)

જેમ જેમ પૂર્વે કરેલાં કર્મો ઉદયમાં આવે છે, તેમ તેમ તને સુખ અને દુઃખનું જોડલું ઉદયમાં આવે છે. (૧૫૨)

બાધ ન કરી શકાય એવો આ લોકપ્રભાવ છે કે– કર્મો સુખ અને દુઃખને કરે છે. (૧૫૩)

ભાગ્યશાળી પુરુષોને મરણ વખતે નિર્મળ એવી સંપૂર્ણ ધર્મવિધિ પ્રાપ્ત થાય છે. (૧૫૪)

રાધાવેધ તો અભ્યાસથી સધાય તેમ છે, પણ મરણનો છેડો (અર્થાત્ પંડિતમરણ) તો ભાગ્યના યોગે જ સધાય તેવો છે. (૧૫૫)

પાપથી દુઃખ અને ધર્મથી સુખ થાય છે એ વિધિનો સ્વભાવ ન ઓળંગી શકાય તેવો છે. (૧૫૬)

તીર્થંકરોએ કહેલી સિદ્ધિ પ્રધાન છે જેમાં એવું ઉચિત મરણ પુણ્યશાળી પુરુષોને જ મળે છે. (૧૫૭)

ધર્મની શુદ્ધિ સિવાય સદ્ગતિ મેળવવાનો બીજો કોઈ માર્ગ છે જ નહિ. (૧૫૮)

મહાત્માઓના પ્રાણો અરિહંતના નમસ્કાર સાથે જાય છે. અર્થાત્ તેવાઓના પ્રાણો અરિહંત ભગવાનનું સ્મરણ કરતાં કરતાં જાય છે. (૧૫૯)

આરાધનાથી યુક્ત એવો મારો મનોહર સુદિવસ થાવ ! (૧૬૦)

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

જિનેશ્વર ભગવાનના દેખ્યા સિવાયનો ઓછો કે અધિક બીજો કોઈ પણ ભાવ નથી. (૧૬૧)

સિદ્ધના સ્મરણથી પણ પ્રાણીઓને જે સિદ્ધપણું થાય છે તે આશ્ચર્ય. (૧૬૨)

ભવ્યજનમાં સારી ભાષા હોય છે, કારણથી—સારી ભાષારૂપ કારણથી ઉત્તમ કાર્ય થાય છે. (૧૬૩)

નિગોદમાં—જીવોમાં રહેલો અક્ષરનો અનંતમો ભાગ છે કે જ્યાં હેતુનું કાર્ય નથી. અર્થાત્ સ્વાભાવિક છે. (૧૬૪)

સાંભળેલી કે જાણેલી અપૂર્ણતા પ્રયત્નને ભાંગતી નથી. (૧૬૫)

પાંચમે અનંતે રહેલા સિદ્ધોને જાણતો ભવ્ય જીવ ધર્મ કરવાવાળો કેમ ન થાય? અર્થાત્ થાય. (૧૬૬)

પ્રતિપતિત જીવ પાંચમા અનંતા જેટલા છે. એ જાણીને અહીં ભવ્ય પ્રાણી ઉદ્યમવાળો થાય. (૧૬૭)

હે જિનેશ્વર ભગવાન્! તારા ચરણકમળની ભક્તિ સિવાય હું બીજી કંઈ પ્રાર્થના કરતો નથી. (૧૬૮)

સંસારમાં ઉત્પન્ન થયેલી તારી ભક્તિ છે છતાં તે સંસારને નાશ કરનારી છે એ જ આશ્ચર્ય. (૧૬૯)

માર્ગ પામ્યા પછી ભવ્ય આત્માઓને ભવનો પણ ભય હોતો નથી. (૧૭૦)

જો નાગદમની ઔષધિ પોતાને આધીન છે તો સર્પોથી ભય કેમ? અર્થાત્ જિનેશ્વરમહારાજના શાસનરૂપી નાગદમની સ્વાધીન છે તો પછી ભવરૂપી સર્પનો ભય શો? (૧૭૧)

જિનેશ્વરભગવાને જેવું જોયું છે તેવું જ થવાનું છે તો હે ભવ્ય આત્મા! તારે ચિંતા કરવા વડે શું? (૧૭૨)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેમના જેટલા જેવા પ્રકારના ભવો થવાના છે તેટલા તેવા પ્રકારના જ ભવો નિશ્ચે થવાના છે. (૧૭૩)

પોતાને ન જાણ્યો તો પછી જાણકાર કેમ ? (૧૭૪)

પોતાના આત્માને જાણ્યો તો પછી બીજાની તારે શી જરૂર છે ? (૧૭૫)

તું પોતાના આત્માને ઓળખ કેમકે આત્માને નહિ ઓળખવાવાળું જ્ઞાન જિનેશ્વરોએ માન્યું નથી. (૧૭૬)

આત્માના જ્ઞાન સિવાય તારું આત્મસાધન કેવા પ્રકારનું છે ? (૧૭૭)

અનંતા મરણોથી એક પુદ્ગલપરાવર્ત્ત બને છે તેવા પુદ્ગલપરાવર્ત્તો તારે આ સંસારમાં અપરિમિત થયાં છે. (૧૭૮)

જિનેશ્વર ભગવાને જ્યારે જેવા પ્રકારે સુખમાં કે દુઃખમાં ભવિષ્ય કાળે જોયો છે તેવી જ રીતે થવાનું છે તેમાં ફેરફાર નથી માટે ફોગટ ચિંતા ન કર. (૧૭૯)

હે જીવ ! તેં ત્રસપણાથી માંડીને શીલ સુધીની દુર્લભ એવી પંદર વસ્તુઓ પ્રાપ્ત કરી છે, તેથી જો તું સંયમનો ઉદ્યમ મૂકી દઈશ તો તે ફોગટ હારી જઈશ. (૧૮૦)

હે નાથ ! જો તારા શાસનને ન પામ્યો હોત તો ભવ મનોહર કેવી રીતે થાત ? (૧૮૧)

સદ્દર્શનનો સંબંધ થયો છે તેથી કરીને આ એક જ જન્મ પ્રશંસનીય છે. (૧૮૨)

હે આત્મા ! તારો આ સમ્યગ્દર્શનવાળો જન્મ જ ભવોના મૂળને ભેદશે એમ હું જાણું છું-માનું છું. (૧૮૩)

જો અરિહંત ભગવાનની વાણીથી સંસ્કારવાળો જન્મ થાય તો તને મોક્ષ દૂર નથી. (૧૮૪)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(ઉપર જણાવ્યું તે માટે) હે જીવ ! હંમેશાં હૃદયમાં પંચ પરમેષ્ઠીને ધારણ કર ! (૧૮૫)

આ પંચ પરમેષ્ઠી જ લોકોત્તર ગુણવાળા છે. બીજા કોઈ લોકોત્તર ગુણવાળા નથી, કારણ કે બીજાઓ તો સાવદ્ય સાધનવાળા છે. (૧૮૬)

ધર્મ કલ્પવૃક્ષ કેવી રીતે? કારણ કે જે ધર્મ કલ્પવૃક્ષને પેદા કરનાર એવા ભાગ્યને ઉત્પન્ન કરે છે. (૧૮૭)

કલ્પવૃક્ષ વગેરે ધર્મથી મળે છે તે માટે ધર્મ કોની સાથે સરખાવી શકાય ? અર્થાત્ ધર્મ કોઈની સાથે ન સરખાવાય. (૧૮૮)

જે ધર્મનું આરાધન કરવા વડે સંસારથી પાર ઉતારનાર એવા બોધિને હું પામ્યો તેથી હું ધન્ય છું. (૧૮૯)

જે નિયમથી ભવના છેડાને જલદી આપે છે તે બોધિ ચારિત્રથી પણ અધિક છે. (૧૯૦

જે બોધિને પામે છે તે ભાગ્યશાળી છે, અને જે ચારિત્રને પામે છે તે તેનાથી પણ અત્યંત ભાગ્યશાળી છે. (૧૯૧)

જો સમાધિ–મરણ પ્રાપ્ત થાય તો આત્માને બીજા કોઈ પદાર્થથી પ્રયોજન નથી. (૧૯૨)

બુદ્ધિશાળીઓને કલ્પવૃક્ષ પ્રાપ્ત થયે છતે વસ્તુઓની શ્રેણિનો સમૂહ કેમ ન હોય ? અર્થાત્ હોય. (૧૯૩)

શમતાનો મહિમા કાંઈ ઓછો નથી. કેમકે કૂરો પણ અણગાર થયેલા સિદ્ધિને પામ્યા. (૧૯૪)

ભવિષ્યમાં જે થવાનું છે તે તો નિશ્ચિત છે પછી હે પંડિત ! ફોગટ ચિંતા શા માટે કરે છે ? (૧૯૫)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેવા ભાવો થવાના હોય તે ભાવો તેવા થશે માટે તેની ચિંતા વડે સર્યું (૧૯૬)

મારો આ જન્મ કૃતાર્થ છે, કારણ કે મને જિનેશ્વરે પ્રરૂપેલો માર્ગ પ્રાપ્ત થયો. (૧૯૭)

સાધુઓમાં તેઓની જ ગણના થયેલી છે કે–જે સાધુઓ સમાધિ-મરણ પામ્યા. (૧૯૮)

સમાધિ-મરણથી શાંતિને પામેલા સંસારમાં અત્યંત થોડા જીવો છે. (૧૯૯)

હે ચેતન ! તારે જગતથી શું કામ છે ? જગતને તારાથી શું કામ છે ? અર્થાત્ પરસ્પર કંઈ પણ કામ નથી. (૨૦૦)

જગતને તારાથી કામ નથી, અને તારે જગતથી પ્રયોજન નથી. (૨૦૧)

શુદ્ધ આત્મસ્વરૂપનો નિરંતર તું વિચાર કર ! (૨૦૨)

ઉપેક્ષા અથવા શુદ્ધભાવ સંસારસમુદ્રને બાધક છે. અર્થાત્ સંસારનો નાશ કરનાર છે. (૨૦૩)

જો તું બોધિરૂપ પ્રવહણને પામ્યો તો સંસારરૂપી સમુદ્ર તરી ગયો. (૨૦૪)

સંસારરૂપ સમુદ્રમાંથી ઉદ્ધાર કરનાર સંયમને વિષે જે જ્ઞાન તે કર્ણધાર એટલે ખલાસી સમાન છે. (૨૦૫)

શુદ્ધચિત્તવાળા એવા હે આત્મા ! શુદ્ધસ્વરૂપમાં તું સ્નાન કર ! (૨૦૬)

આત્માનું શુદ્ધ સ્વરૂપ જીવને જલદી સંસારનો નાશ કરાવનાર થાય છે. (૨૦૮)

૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંસારસમુદ્રનું મૂળ કારણભૂત રાગ અને દ્વેષ એ બે છે. માટે ભવસાગર તરવાની ઇચ્છાવાળાએ એ બેનો સદંતર ત્યાગ કરવો જોઇએ. (૨૦૯)

હે ચેતન ! દરેક ક્ષણે તું આત્મસ્વરૂપનો વિચાર કર (૨૧૦)

હે જીવ ! આત્મસ્વરૂપથી બીજી શ્રેષ્ઠ જોવા યોગ્ય કોઇ પણ વસ્તુ નથી, (૨૧૧)

હે પુણ્યવંત ! જો તને તીવ્ર વિચારવાની ઈચ્છા હોય તો સ્વરૂપથી આત્માને વિચાર ! (૨૧૨)

પૂર્વે બાંધેલા તે પાપકર્મની શ્રેણીનો આ વિપાક છે. (૨૧૩)
સંસારમાં એક વાર કરેલા કર્મોનું કોડાકોડ ગુણું ફળ થાય છે. (૨૧૪)
સમયે સમયે જીવે અજ્ઞાનથી પાપની શ્રેણિને ઉપાર્જન કરી છે. (૨૧૫)
તે કારણથી વેદનીયફળ અત્યંતવિષમ તરીકે જ આવેલું છે. (૨૧૬)

અજ્ઞાને આંધળા, ચપળ ઇંદ્રિયોવાળા એવા જીવે જે પહેલાં પાપ બાંધ્યું તેનું આ વિષમપણું થયું અને વૃદ્ધિવાળું વિપાકથી યુક્ત આ ભયંકર પરિણામ આવ્યું. (૨૧૭)

ભાવિ કાર્યમાં બધી જગો પર નક્કી સ્પર્શના બળવાન છે. (૨૧૮)

શાંતિવાળો આત્મા સમાધિમાં જોડાય છે અને તેમાં જોડાવા માટે પૂર્વપુરુષોનાં ચરિત્રો ચિત્તમાં ધારણ કરે છે. (૨૧૯)

જે મંત્રી અગ્નિમાં રહ્યા છતાં ધ્યાનથી ચલાયમાન ન થયો તે ચાણાક્ય મંત્રી પ્રશંસનીય કેમ ન બને ? (૨૨૦)

હે નાથ ! જાગતો છતો પણ ક્ષણ પછી મારું શું થશે તે હું જાણતો નથી. (૨૨૧)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જે જ્ઞાન શુભ સંસ્કાર કરવામાં સમર્થ ન થાય તો તે જ્ઞાન ભયને કરનાર થાય છે. (૨૨૨)

હે જીવ! સિદ્ધાન્તરૂપી સમુદ્રમાંથી તેવું વચન શોધ કે જેથી તું તે વચન વડે શુભ-સમાધિવાળું મરણ પામે. (૨૨૩)

જો અંત્ય મરણ-અવસ્થાએ રત્નત્રયીની આરાધના થાય તો જ જન્મ સફળ થાય. (૨૨૪)

સમાધિ-માર્ગમાં જેને પગ મૂક્યો નથી તે પુરુષ મુક્તિની ઇચ્છાવાળો હોવા છતાં પણ મુક્તિને પામતો નથી. (૨૨૫)

મોક્ષનો અજોડ માર્ગ જો કોઈ પણ હોય તો તે સમાધિ જ છે. (૨૨૬)

જે પુરુષોએ રત્નત્રયીને સ્વાધીન કરી છે તે પુરુષો જ આ ભવસમુદ્રને તરેલા છે. (૨૨૭)

રત્નત્રયીથી-સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રથી બીજું કોઈ આત્માનું સ્વરૂપ નથી. (૨૨૮)

ક્ષણે ક્ષણે જે આત્માના સ્વરૂપને જુએ છે તે જ આત્મા માર્ગને પામેલો છે. (૨૨૯)

સમાધિ સમગ્ર કર્મનો વિનાશ કરનાર છે. (૨૩૦)

રત્નત્રયીમાં રમણતા કરવી તે સમાધિ છે, અથવા આત્મસ્વરૂપમાં રમણતા કરવી તે સમાધિ છે. (૨૩૧)

સમાધિમાં કટિબદ્ધ થયેલો જીવ ઉદયમાં આવેલા દુઃખોના સમૂહને સમ્યક્ પ્રકારે સહન કરે છે. (૨૩૨)

ઘાતિકર્મનો નાશ કરવા માટે તત્પર થયેલ વીરપુરુષ દુઃખના સમૂહમાં અચલ-સ્થિર રહે છે. (૨૩૩)

હે જીવ! ધૈર્યથી વિવિધ પ્રકારનાં દુઃખોને તું સહન કર. (૨૩૪)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાપનો નાશ સર્વને સહેલો નથી, કેમકે ઘોર પાપી એવા પુરુષ પણ હોય છે. (૨૩૫)

જો વિચિત્ર વિપત્તિઓને સહન ન કરે તો અત્યંત પાપી એવો આત્મા સિદ્ધિને કેમ પામે ? અર્થાત્ પાપી એવા જીવો પણ સહન કરવાથી સિદ્ધિને પામે. (૨૩૬)

આ સંસારમાં જીવો જુદા જુદા કર્મોવાળા હોય છે. (૨૩૭)

હે જીવ ! દરેક કાર્યમાં જે થવાનું હશે તે થશે એવો આન્તરિક નિશ્ચય તું ધારણ કર ! (૨૩૮)

સમતામાં આરૂઢ થયેલ જીવ અર્થાત્ શ્રેણિમાં ચઢેલ જીવ કર્મ-પુદ્ગલની અશુભ રસની શ્રેણિને નાશ કરે છે. (૨૩૯)

જગતમાં ઉપકારીઓમાં અરિહંત સિવાય બીજી કોઈ રેખા પમાતી નથી. અર્થાત્ બીજું કોઈ શ્રેષ્ઠ નથી. (૨૪૦)

જિનેશ્વર ભગવાન કોઈના ઉપકાર નીચે દબાયેલા હોતા નથી. (૨૪૧)

હે જિનેશ્વરભગવાન્ ! ભવેના સમૂહોથી તમારો ઉપકાર છે. (૨૪૨)

અરિહંત ભગવાને જે તીર્થ સ્થાપ્યું છે તે તીર્થ સદ્બુદ્ધિવાળાઓને સંસારને ભેદવા માટે થાય છે, (૨૪૩)

કલિકાલમાં જે અપ્રમત્તપણું તે કિંમત ન આંકી શકાય તેવી રત્નવૃષ્ટિ છે. (૨૪૪)

અરિહંત ભગવાનના માર્ગમાં રહેલા જીવો સર્વ જીવોના અનંતમા ભાગે છે. અને તેની આરાધનાથી સિદ્ધ થયેલા તો થોડા જ જીવો છે તે કારણથી તેની પ્રાપ્તિ થવી તેજ ધન્યતા છે. (૨૪૫)

જ્યારે જીવોને પાંચ કાલઆદિ શુભને સધાવવાવાળાં પ્રાપ્ત થાય છે, ત્યારે કોઈ જીવ સિદ્ધિના માર્ગને પામેલો મોક્ષે જાય છે. (૨૪૬)

જ્યારે ભવ્યત્વ ભાવ અને જગતનો ભાવ જીવને વિષે અનુકૂલતાને પામે છે ત્યારે જ જિનેશ્વર ભગવાનના શાસનમાં શ્રેષ્ઠ બોધને પામીને નક્કી મોક્ષે જાય છે. (૨૪૭)

પર-સ્વભાવમાં રમણતાને છોડીને હે જીવ! તું શુભ એવા આત્માના જ્ઞાનાદિ ગુણ વિષે રમણતા કર! (૨૪૮)

જો પાપથી ચિત્ત વિરમેલું છે તો ક્રિયામાં કે અક્રિયામાં વર્તતો હોય તો તે શ્રેષ્ઠ જ છે. (૨૪૯)

જિનેશ્વરના માર્ગને પામેલો જીવ સાધ્ય (મોક્ષ) ને પામી શકે છે. (૨૫૦)

ભગવાનના શાસનને પામેલા આ જીવો અત્યંત ભાગ્યશાળી છે. (૨૫૧)

મોક્ષ અને અભ્યુદયને સાધવાવાળું પ્રભુનું શાસન અલ્પ જીવોને પ્રાપ્ત થાય છે. (૨૫૨)

આરાધના કરવામાં બહુ કે અલ્પ પર્યાય કારણ નથી, કિંતુ ઉત્તમ દર્શન આદિની પ્રાપ્તિ તે જ કારણ છે. તે માટે હે ભવ્ય! તું પ્રથમ દર્શન આદિમાં પ્રયત્ન કર! (૨૫૩)

ગુરુસેવા, વ્રતોચ્ચારણ, શુદ્ધિ, ખમતખામણાં અને સંવર એ બધું આરાધનાનું સ્વરૂપ રાધાવેધની જેમ કઠન છે. (૨૫૪)

મોક્ષના માર્ગની સાધનામાં જેને વિધિનો આદર કર્યો. છે તે ખરેખર ભાગ્યશાળી છે. (૨૫૫)

જે મુનિરાજ જ્ઞાન આદિના ઉપાયથી તમામ પાપના સમૂહનો નાશ કરીને જ્ઞાન આદિ સકલ લક્ષ્મીઓને પામીને જન્મ, જરા, મરણ આદિ પીડાથી રહિત સ્થાનને પામ્યા, કે જે સ્થાન વચનના સમૂહના વિષયવાળું નથી. તેથી હે ચેતન! તેને વિષે તું મતિ કર. (૨૫૬)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મોક્ષ સાધનની ઇચ્છાવાળા એવા જીવોને જિનેશ્વર ભગવાને કહેલી વાણી નિમિત્તમાત્ર છે. માટે સામર્થ્યથી સધાય એવી અને મોક્ષને સાધવાવાળી એવી શુદ્ધવૃત્તિ તે સર્વશ્રેષ્ઠ છે. (૨૫૭)

પ્રદેશી રાજાની સમતા વચનથી પણ અગોચર હતી, કારણ કે મારનાર રાણીને વિષે મનથી પણ કોપ ન કર્યો. (૨૫૮)

બંધનને નાશ કરવાવાળાં જો પાંચ મહાવ્રત આદરાય તો હું જગતમાં ભાગ્યશાળી થઉં. (૨૫૯)

આત્માથી ન તર્કના કરાય તેવી શરીર સંબંધી પીડાઓ આ જગતમાં જીવને થાય છે. (૨૬૦)

પાપનો ઉદય હંમેશાં સ્વતંત્રકાર્યને કરે છે. (૨૬૧)

વૈદો રોગોને જાણનાર છે પણ વેદનાને તો જાણનાર જંતુઓ—પ્રાણીઓ છે. (૨૬૨)

આરાધનાનો માર્ગ વિવિધ પ્રકારનો છે તેથી તેની વિધિનું વિચિત્રપણું છે. (૨૬૩)

રત્નત્રયીને આશ્રીને આરાધના નિત્ય છે, પરંતુ તે વિકલ્પવાળી નથી. (૨૬૪)

આ મન જે સ્થિર છે તે જિનેશ્વરનો પ્રભાવ છે. (૨૬૫)

આત્માદિ વસ્તુઓના દર્શાવનાર હે અરિહંત ભગવાન્ ! આપને મેં જોયા તેથી મારે કંઈ પણ ઊણપ નથી. અર્થાત્ બધું છે. (૨૬૬)

હે અરિહંત ભગવાન્ ! જો દૃષ્ટિ વડે આ ભવસમુદ્રમાં તમને ન જોયા હોત તો મારી શી ગતિ થાય ? અર્થાત્ મારી શી દશા થાત ? (૨૬૭)

હે જિનેશ્વર દેવ ! તમારું સ્વરૂપ અર્થાત્ તમારી પ્રતિમા ભવરૂપી કૂવામાંથી કાઢવામાં રજ્જુ સમાન છે, કારણ કે તમે સંગ, મોહ અને કામ રહિત છો. (૨૬૮)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉદાર બુદ્ધિવાળો રોગ આદિથી પૂર્ણ એવા શરીરમાંથી યમ, નિયમ વગેરેથી સાર ગહણ કરે. અર્થાત્ અસાર કાયાથી સાર-યમાદિને ગ્રહણ કર. (૨૬૯)

હે વીતરાગ! તમારી શ્રુતિઓ-આગમનાં વચનો શ્રદ્ધાથી ગમ્ય-જાણવા યોગ્ય છે અને નયવાદો બુદ્ધિમાન પુરુષોથી જાણી શકાય તેવા છે, પરંતુ તમારી મૂર્તિ તો બાળકને પણ સારી રીતે બોધ કરનારી છે. (૨૭૦)

જેમ મનુષ્યમાં પૂર્વભવના સંસ્કાર હોતે છતે નહિ જાણેલા ગુણો ઉપર પણ પ્રેમ થાય છે, તેમ પૂર્વભવના સંસ્કારથી અરિહંત મહારાજના માર્ગમાં બોધની પ્રાપ્તિ થાય છે. (૨૭૧)

હે જિનેશ્વર! જો જગતમાં તમારો મત ન હોત તો આ સંસારમાં અમે કઈ અવસ્થાને પામત? કારણ કે બીજાઓથી-અન્યમતોથી મોહરૂપી કૂવો તરવાને માટે કોઇ પણ વખત શું શક્ય થવાય છે? (૨૭૨)

આત્માને દેદીપ્યમાન કરવાને માટે જિનેશ્વર મહારાજથી બીજો કોઈ સમર્થ નથી. (૨૭૩)

જે પોતે પ્રકાશવાળો છે તે જ બીજાને પ્રકાશ કરવાને લાયક થાય છે. (૨૭૪)

જો દેવો મોહવાળા રાગવાળા અને દ્વેષવાળા હોય તો શું પંડિત પુરુષો તેઓની સેવા કરે? અર્થાત્ પંડિત પુરુષો સેવા ન કરે. (૨૭૫)

હે દેવ! તે તે નામો વડે બીજાઓ સંપૂર્ણ સ્વરૂપવાળા એવા તમને જ અંગીકાર કરવાવાળા છે. (૨૭૬)

સર્વ દેવોથી પૂજાયેલા, ને ઇષ્ટ સ્વરૂપવાળા-વીતરાગ સ્વરૂપવાળા તો દેવ જિનેશ્વર જ છે. (૨૭૭)

હે નાથ! જગતના ઉદ્ધારને માટે જ તમોએ પૂર્વભવમાં જિન નામકર્મ ઉપાર્જન કર્યું છે. (૨૭૮)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્રેષ્ઠ બોધિના લાભથી માંડીને જગતના ઉદ્ધાર માટે જ તમારો પ્રયત્ન છે. (૨૭૯)

કર્મ એટલે શુભાશુભ કર્મ તે પણ એકલું પાંગળું છે, દલ એટલે ઉપાદાનાદિ કારણ તે પણ એકલું પાંગળું છે. અને સંસારમાં રહેલા જીવો પણ એકલા પાંગલા છે. આ સંયોગનો પ્રભાવ છે કે જે બધાં ફળને આપનારાં થાય છે. (૨૮૦)

જેમ અંધકારનો સમૂહ સૂર્યથી નાશ પામે છે તેમ હે જિનેશ્વર ભગવાન્! તમારા શાસનથી બીજા પ્રવાદો નાશ પામે છે. (૨૮૧)

અપક્ષપાત–રાગ નહિ છતાં પણ પ્રાણીઓને સંસારસમુદ્રમાંથી તાર્યા છે અને દ્વેષ નહિ છતાં સંસારમાં તમારા નિમિત્તથી પડ્યા છે. માટે હે પ્રભુ ! આ તમારા શાસનનો અચિંત્ય પ્રભાવ અવશ્ય જાણવા જેવો છે કે સારી રીતે જે આરાધના કરે છે તે તરે છે ને વિરાધના કરે છે તે ડૂબે છે. (૨૮૨)

હે અરિહંત પ્રભુ ! આ સંસારસમુદ્રમાં અમારે પ્રત્યે તારવું ને ડૂબાડવું એ બે વિરુદ્ધ કાર્યો કેમ કરો છો ? પરંતુ આ સાચી જ વાત છે કે પાત્રને યોગ્ય ફળ મળે છે. અર્થાત્ આરાધક તરે છે ને વિરાધક ડૂબે છે. (૨૮૩)

સત્યકાર્ય અને અસત્કાર્ય પ્રયત્ન વગર થતાં નથી. તો પછી સત્કાર્યવાદ ને અસત્કાર્યવાદ તે લોકો શા માટે બોલે છે ? ખરેખર જૈન દર્શન સિવાય બીજા દર્શનીઓને વચનમાં જુદું છે ને કરણીમાં [કાર્યમાં] જુદું છે. (૨૮૪)

નિક્ષેપા અને પ્રમાણોમાં વિધિને છોડીને હે નાથ ! કોઈથી એક પગલું પણ ચાલવાને માટે સમર્થ થવાતું નથી. (૨૮૫)

નામનો લોપ કરનારો વચનને બોલી શકતો જ નથી, સ્થાપના ન માનનારથી સંજ્ઞા–વિષય એટલે સંજ્ઞા પાડી શકાય જ નહિ અને જો દ્રવ્ય ન માને તો યત્ન કરવો નકામો છે. અર્થાત્ યત્ન નાશ પામેલ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. અને ભાવનિક્ષેપો ન માનનારને આખું જગત્ નાશ પામેલું છે. આથી હે નાથ ! નામ આદિ ચાર નિક્ષેપા માન્યા વગર કોઈને પણ ચાલે તેમ નથી (૨૮૬)

ભાગ્યમાં તો બધા પોતપોતાના સ્વભાવને અનુસરનારા છે. (૨૮૭)

બીજાઓ નિક્ષેપા અને પ્રમાણમાંથી ગમે તે એકનો લોપ કરનારા હોય છે તેથી હે નાથ ! જૈન દર્શન સિવાય બીજાઓ યથોક્તકારી નથી. અર્થાત્ વસ્તુની વ્યાખ્યાને યથોક્ત રીતે–સ્પષ્ટ રીતે ઘટાવી શકતા નથી. (૨૮૮)

જ્યારે પ્રત્યક્ષ પ્રમાણના વિષયમાં હાથી આવે છે. ત્યારે સૂપડા વગેરે આકારવાળો હાથી એમ કહેવાવાળા વાદો પોત પોતાના મેળે જ બંધ પડે છે એટલું જ નહિ પણ પોતાની વાણીની ઉપેક્ષા કરનારા બીજા વાદો આ જિનેશ્વર મહારાજનો માર્ગ પ્રાપ્ત થયે છતે નાશ પામે છે. (૨૮૯)

ભાવિ એટલે થવાનું છે તેની પરવા કર્યા વગર ન ગણાય તેટલી આશાઓ પ્રવર્તે છે. (૨૯૦)

જિનેશ્વરે જેવું જોયું છે તેવું થશે. (૨૯૧)

સ્વરૂપથી અન્ય જ્ઞાન વડે પ્રયોજન જ નથી. અર્થાત્ આત્માદિ વસ્તુ સંબંધી સ્વરૂપજ્ઞાન અત્યંત જરૂરી છે. (૨૯૨)

કૃતાર્થ થયેલાઓ એવા સત્પુરુષોને બાહ્યવસ્તુને લેવાની કે છોડવાની મતિ થતી નથી. (૨૯૩)

આથી કેવલજ્ઞાનમાં તમામ વસ્તુઓમાં ઉપેક્ષા એ જ ફળ માનેલું જ છે. (૨૯૪)

પુણ્યશાળીઓનું શરીર ધર્મના ઉપયોગ માટે જ થાય છે. (૨૯૫)

હે આત્મા ! જો ધર્મને માટે દેહ આપ્યો નહિ તો પછી આ રોગના સમૂહને તું આપ ! (૨૯૬)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જો તારો માર્ગ સેંકડો ભવોને ભેદનાર જ છે તો હે નાથ ! બધા જીવો સિદ્ધ કેમ ન થયા ? (૨૯૭)

ચારિત્રને અંગીકાર કરવું તે સંસારનો અવશ્ય નાશ કરનાર છે. આથી જ મોક્ષને માટે તત્પર છે મન જેમનું એવા અબજો જીવોને જિનેશ્વર મહારાજાઓએ દીક્ષા આપી. (૨૯૮)

હે જીવ ! જો આરાધના નથી કરી તો આ જિનેશ્વર મહારાજનો તને પ્રાપ્ત થયેલો માર્ગ નિરર્થક છે. અર્થાત્ માર્ગ પ્રાપ્ત થયા છતાં પણ તું હારી જઈશ. (૨૯૯)

અન્યલિંગવાળા સિદ્ધિને પામ્યા તેથી શું આરાધના ન કરવી ? અર્થાત્ કરવી. (૩૦૦)

હે ધીર ! બન્ને પ્રકારના ઉપસર્ગના સંબંધમાં જ્ઞાનાદિથી જો અચળ મન છે–ચલાયમાન મન નથી તો પછી મોક્ષમાર્ગની ક્રિયા તે તો પ્રથમ જરૂરી છે. (૩૦૧)

ઉત્તમ આત્માઓ પોતાના ઉપર આવી પડેલી અનેક પ્રકારની વેદનાઓ છતાં ચારે ગતિનાં દુઃખોનું સ્મરણ કરીને સંયમ–માર્ગમાં ગમન કરે છે. અર્થાત્ સંયમ–માર્ગમાં સ્થિર થાય છે. (૩૦૨)

તારા વૈદ્યો, ભક્તગણો અને ઔષધો સર્વ પ્રયત્નોવાળાં છે, પરંતુ તને જ્ઞાનીએ જેમ જોયું છે તેમજ થવાનું છે માટે હે જીવ ! તું તારા સ્વરૂપમાં સ્થિર થા ! (૩૦૩)

હે મુનિ ! ભાવિને, વિરોધને કે નહિ થવાવાળાનો તું વિચાર ન કર, પણ વિકલ્પ વગરના મનવાળો તું રહે, કારણ કે નિર્વિકલ્પપણે રહેવું તે જ આરાધનાનું સાધન છે. (૩૦૪)

દાવાનળ જેમ કાષ્ઠને બાળનાર છે. તેમ ધર્મ સંબંધી પરિણામ પાપને બાળનાર છે. (૩૦૫)

ઘણું દુઃખ સહન કર્યું, પણ મૂર્ખ ઉત્કૃષ્ટ ફળને ન પામ્યો. (૩૦૬)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શમભાવવાળો જે વેદનાને સહન કરે છે તેથી તે સકામનિર્જરાને પામે છે. (૩૦૭)

બુદ્ધિવગરનો મનુષ્ય કોડીના બદલામાં સારા રત્નને- ચિંતામણિ આપે છે-આપી દે છે. (૩૦૮)

કુબુદ્ધિવાળો વગર મનથી ઘણું દુઃખ સહન કરે છે. (૩૦૯)

જેમ અગ્નિ લાકડાના સમૂહને બાળે છે, તેમ બુદ્ધિશાળી સંસારને અર્થાત્ સંસારનું કારણ કર્મને બાળે છે. (૩૧૦)

ભાવો-પદાર્થો અવશ્ય થવાવાળા છે એમ માનીને હે જીવ ! આત્મ-સ્વભાવમાં જ તું સ્થિર થા ! (૩૧૧)

સજ્જડ કર્મરૂપી પર્વતને ભેદવામાં સમતા એ વજ્ર સમાન છે. (૩૧૨)

ઉદયમાં આવેલાં પાપો દુઃખનો નાશ કરે છે, જ્યારે સમતા તો સત્તામાં રહેલાં ને ઉદયમાં આવેલાં સંપૂર્ણ કર્મનો નાશ કરે છે. (૩૧૩)

અવસ્ય થવાવાળા ભાવો સ્ખલનાને પામતા નથી (૩૧૪)

ઉદય પ્રમાણે જીવને વિષે જે કારણથી જ્યારે જ્યાં જેવી રીતે ભાવો થવા નિયત થયા હોય છે તેમ થાય છે. (૩૧૫)

મોટા ઉદ્યમો પણ ભાવિને રોકવા માટે સમર્થ નથી. (૩૧૬)

ક્ષય નહિ પામેલું પાપ અવસ્ય ભોગવવું પડે છે. (૩૧૭)

પોતાના અને બીજાના સેંકડો પ્રયત્નો હોય છતાં પણ ફળ તો કર્મના ઉદય પ્રમાણે થાય છે. (૩૧૮)

લાંબા કાળ સુધીનો રોગી, અસહિષ્ણુ, વૃદ્ધ અને યોગનું બળ ક્ષીણ થયું હોય તો પણ કર્મથી થવાવાળા ભાવોને વિચારતો પ્રાણી સમતાનો આશ્રય કરે. (૩૧૯)

નહિ માતા, નહિ પિતા, સ્ત્રી અને બીજા પણ સંબંધીઓ હોવા છતાં પણ વેદવા યોગ કર્મથી ઉત્પન્ન થયેલા ભાવમાં કોઈ રક્ષણ કરનાર નથી. (૩૨૦)

જો તને ધર્મની ઇચ્છા હોય તો હંમેશાં હૃદયમાં અવસ્યભાવીનું સ્મરણ કરતો–ચિંતવન કરતો તું વેદનાને સહન કર. (૩૨૧)

હે આત્મા ! તને સુખ અને દુઃખને માટે સ્વકર્મ સિવાય–પોતાના કર્મ સિવાય શુભ કે અશુભ વિષયો સમર્થ નથી. અર્થાત્ કર્મ જ સુખ કે દુઃખ આપે છે ને વિષયો તો નિમિત્ત માત્ર છે. (૩૨૨)

આયુષ્ય બળવાન્ હોય ત્યારે મૃત્યુના મુખમાં ગયેલો પ્રાણી પણ લાંબો કાળ જય પામે છે–જીવે છે. (૩૨૩)

વૈદ્ય, ઔષધ અને સેવકો કર્મની વેદનાને સંગત હોય છે. અર્થાત્ કર્મ પ્રમાણે મળે છે. (૩૨૪)

હે ચેતન ! આ તને આશ્રીને રહેલાઓ તારા અદૃષ્ટ [કર્મ]ને ઉલ્લંઘન કરવામાં અર્થાત્ સામનો કરવામાં સમર્થ નથી. (૩૨૫)

મારનારૂં એવું દૈવ–નસીબ શક્તિશાળી કે નિર્બળ મનુષ્યનો કંઇ વિચાર કરતું નથી. (૩૨૬)

પોતાનું કાર્ય જે ઉદય તેમાં દૈવ નિર્બલાદિની અપેક્ષા કરતું નથી–રાખતું નથી. (૩૨૭)

હે પ્રાણી ! જો તારા આત્માનું કાર્ય કરવામાં તારું મન હોય તો દુઃખના સમૂહથી પીડાતો છતાં પણ તું તેને સહન કર. (૩૨૮)

ભવિષ્યમાં થવાવાળું દુઃખ ચિંતાથી જતું નથી. (૩૨૯)

અવસ્ય ભોગવવા યોગ્ય પોતાના કર્મથી થયેલાં દુઃખને જાણીને–સમજીને હે જીવ ! શોક સમૂહને તરી જા. (૩૩૦)

અવસ્ય થવાવાળી ભાવો ઈન્દ્રોથી પણ રોકી શકાતા નથી. (૩૩૧)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જેવી રીતે સમયે સમયે કર્મનો બંધ છે, તેવી રીતે ક્ષણે ક્ષણે કર્મનો ઉદય પણ છે. (૩૩૨)

આત્મા વડે જ્ઞાનાવરણીય કર્મ વગેરે અનાભોગથી–અનુપયોગથી વેદાય છે, પણ સુખ, દુઃખ અતિસ્પષ્ટ પણે ભોગવાય છે, કારણ કે તે બહુ ઉદયવાળાં હોય છે. (૩૩૩)

હે નાથ ! લાંબા કાળથી હું તમને એકને જ આશ્રીને રહેલો છું અને મેં આપનો જ માર્ગ આદરેલો છે, પરંતુ હમણાં કર્મથી પીડાતા એવા મારે વિષે તું કેમ નિષ્ક્રિય રહ્યો છે ? (૩૩૪)

હે નાથ ! જેના સૈનિકને બીજાથી જે પીડા થાય તેમાં નાયકની દુર્બલતા છે તો આપ કેમ નિષ્ક્રિય રહ્યા છો ? (૩૩૫)

હે સ્વામી ! જો હું અયોગ્ય છું તો હવે પછી શું કરવું જોઈએ, માટે પ્રાર્થના કરું છું કે અયોગ્ય મનુષ્યોને યોગ્ય કરીને અવ્યયપદ–મોક્ષપદ આપો ! (૩૩૬)

હે સ્વામી ! જો તમે જગતને આનંદ આપનારા છો તો પછી કર્મના સમૂહથી થયેલી પીડાથી ગ્રસ્ત થયેલા અને બીજાના આશ્રયવાળા એવા મને સેવકને કેમ આનંદ પમાડતા નથી ? (૩૩૭)

જો આજીવિકાને માટે પણ આશ્રીને રહેલા એવા સેવકનો પરાજયથી સ્વામીને જ બાધા છે. તો પછી તારા વાક્યમાત્રથી જ જીવનારો એવો હું બીજાથી બાધા પામું છું તો હે નાથ ! તું રક્ષણ કર. (૩૩૮)

તેં મને ઘણું આપ્યું પણ મેં તેનો ઉપયોગ કર્યો નહિ તેથી હે નાથ ! પ્રાર્થના કરું છું કે પરભવમાં હું સંપૂર્ણ ઉપયોગ કરનાર થાઉં એમ કર. (૩૩૯)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હે પ્રભુ ! જગતમાં આ જન્મ, જરા ને મૃત્યુરૂપ ત્રણે જાગૃત જો ન હોત તો જગતમાં તારા શાસનનો પ્રભાવ મહાન્ થાત નહિ. અર્થાત્ આથી જ તારા શાસનનો પ્રભાવ મહાન્ છે. (૩૪૦)

હે જગત્પતિ ! જગતમાં જો આત્માને પીડા કરનાર અને જ્ઞાન આદિ ગુણોને ઘાત કરનાર જ્ઞાનાવરણીય વગેરે કર્મો ન હોત તો તમારી વાણી કંઇ કરનાર થાત નહિ. અર્થાત્ જ્ઞાનાવરણીય આદિ કર્મો છે તેથી જ તમારી વાણી સાર્થક છે. (૩૪૧)

જેમ જગતમાં વિપત્તિઓ કે દુઃખો હોવાથી ઉપકાર કરનાર મનુષ્ય સજ્જન ગણાય છે. તેમ હે તીર્થંકર ભગવાન્ ! જન્મ, જરા આદિ દુઃખોથી વ્યાપ્ત એવું જગત છે તેથી તમે બચાવનાર છો માટે પૂજ્ય છો. (૩૪૨)

દાતારની દુષ્કાળમાં દાન દેવાથી ખરી કીર્તિ થાય છે અને સુકાળમાં તો તે દાતાર બીજા જેવો જ છે. અર્થાત્ દુષ્કાળને લઇને દાતારની કીર્તિ છે. તેમ જગત અસાર છે એમ જોઇને બુદ્ધિમાન પુરુષો તેથી બચવા તમારો આશરો લે છે. (૩૪૩)

જો સમર્થ પુરુષ યાચના કરનારને પીડાથી રક્ષણ ન કરે તો તે દયા વગરનો ગણાય તો હે નાથ ! યાચના કરતા એવા મારું જો રક્ષણ ન કરો તો તમે કેવા દયાનિધિ ? માટે હે નાથ ! પીડાતા એવા મારું રક્ષણ કરો. (૩૪૪)

હે નાથ ! તમે ભવ્ય પ્રાણીઓને ભવના પાંજરામાંથી–સંસારરૂપ કેદખાનામાંથી મુકાવનાર કેવી રીતે ? કારણ કે તમને કાયા, વચન કે મન નથી છતાં આશ્ચર્ય છે કે તમારા ગુણો ભવ્ય પ્રાણીઓને સંસારથી મુકાવે છે. (૩૪૫)

હે નાથ ! તમે ગમન આદિ ક્રિયા વગરના છો, રજો આદિ ગુણોથી રહિત છો અને સંસારસમુદ્રમાંથી દૂર ગયેલા છો, પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભવ્યોને તમારા ગુણોના સમૂહનું જે આલંબન છે તે તમારો પ્રભાવ-ચમત્કાર છે. (૩૪૬)

સમ્યક્ત્વરૂપી રથમાં ચઢેલો, સંયમરૂપી બખ્તરથી ઢંકાયેલો એવો હું હે નાથ! તમારા પ્રભાવથી ભાવનારૂપી શસ્ત્રો વડે મહામોહરૂપી શત્રુને જીતું. (૩૪૭)

હે નાથ! મારા આ અપરાધોને તમે ક્ષમા-માફી આપો કે જ્યાંસુધી પાપનો નાશ ન થાય ત્યાં સુધી શત્રુપણાથી ઢંકાયેલા એવા પુણ્યને આગળ કરીને હું પ્રવૃત્તિ કરું છું, અર્થાત્ પુણ્ય કર્મ હોવાથી તે પણ આત્માનો તો શત્રુ જ છે. (૩૪૮)

હે નાથ! જ્યાં ઉપદ્રવ છે તેવી ભૂમિમાં જઈને વનમાં રહેવાવાળા એવા તિર્યંચોને પણ આપે ઉદ્ધર્યા છતાં તમારા ચરણકમળને વિષે એકાગ્ર મનવાળા એવા મને ખેદની વાત છે કે કેમ ઉદ્ધરતા નથી? અર્થાત્ હે નાથ! મારો ઉદ્ધાર કરો (૩૪૯)

જે મહાન પુરુષો છે તે મોટા દાનોને દેવાવાળા હોય છે, જ્યારે હે પ્રભુ! તમે મોટા છો તેથી તમારી પાસે મારે બીજું કંઇ માગવાની ઈચ્છા નથી માટે હે શ્રેષ્ઠ કૃપાનિધિ! તેમ કરો કે હું મહામોહને જીતવા માટે સમર્થ થાઉં (૩૫૦)

હે પ્રભુ! આપ સિવાય બીજો કોઇ મારું દુઃખ જાણતો નથી, પરંતુ તમે તો જાણતાં છતાં પણ ઉપેક્ષા કરો છો. તેથી હવે હું ક્યાં જઇને બૂમો પાડું? માટે જો મારું દુઃખ રહેશે તો હે નાથ! હે જગત્પ્રભુ! એ તમારી જ હાનિ છે. (૩૫૧)

હે નાથ! રક્ષણવગરના આ જગતમાં તમારા કહેવાથી તમારા વચનથી રક્ષણકરનાર ધર્મ છે એમ મેં માન્યું છે માટે મારા ઉપર દયા કરીને મને સંસારથી ઉદ્ધરવા વડે તે વાત સાચી કરો. અર્થાત્ ધર્મ રક્ષણ કરનાર છે તે વાત સાચી કરો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શરણે આવેલાને રક્ષણ કરવામાં ઉત્તમ પુરુષો વજ્રના પાંજરા સમાન છે, આ જે કહેવત છે તે જો સત્ય હોય તો હે પ્રભુ! ભવથી મારું કેમ રક્ષણ કરતા નથી? અર્થાત્ ભવથી મારો ઉદ્ધાર કરો (૩૫૩)

જે યાચનારની પ્રાર્થનાનો ભંગ કરવામાં બીકણ છે તે પૃથ્વીના અલંકારરૂપ છે અને હે નાથ! તું તો ત્રણે લોકનો મુગટરૂપ છે તો મારી પ્રાર્થના કેમ ભાંગો છો? અર્થાત્ પ્રાર્થનાને ભાંગો નહિ, મારું ઇચ્છિત આપો અને રક્ષણ કરો. (૩૫૪)

હે નાથ! તારું ચરિત્ર કાંઈ વિચિત્ર પ્રકારનું છે, કેમકે આશ્રીને રહેલાની પણ ઉપેક્ષા કરો છો અને મન, વચન, ને કાયાએ કરીને વિરુદ્ધતાને પામેલા એવાઓને પણ ક્ષણવારમાં ભવથી ઉદ્ધાર કરો છો. (૩૫૫)

જન્મપર્યંત આપના ચરણકમળનો આશ્રય કરી મુનિપણું અંગીકાર કર્યું છતાં હે નાથ! જો તમે ઉદ્ધાર નહિ કરો તો પછી બીજો કોણ તેનાથી–સંસારથી ઉદ્ધાર કરવાને માટે મારા મનને ઇષ્ટ હોય? (૩૫૬)

બંધ, મોક્ષ આદિ અતિન્દ્રિય પદાર્થના બોધથી રહિત હોવાથી જે બીજાઓ આત્મા આદિ પદાર્થને જાણતા નથી તેઓ બીજાના દુઃખને જાણવામાં અંશથી પણ કુશળપણાને ધારણ કરતા નથી, પણ હે ભગવાન્! તમે તો શુભ ધ્યાનથી ઉત્પન્ન થયેલા, આવરણ વગેરેથી રહિત એવા જ્ઞાન આદિ ગુણોના સમૂહે કરીને યુક્ત હોઈ અપરિમિત બધું જાણો છો તો મને પાલન કરો–મારું રક્ષણ કરો. (૩૫૭)

હે ભગવાન્! તમારાથી બીજાઓ દુઃખને ફાડી નાખવામાં–નાશ કરવામાં સમર્થ નથી, કારણ કે દુઃખને ફાડવા સંબંધી જ્ઞાનથી તેઓ શૂન્ય છે અને તમે તો તે જ્ઞાનવાળા છો માટે મારું દુઃખ તમારે જ ફાડવું જોઈએ, પણ તે નથી કરતા તેથી તમે દોષિત છો. (૩૫૮)

ઈન્દ્ર સહિત દેવતાઓના સમૂહથી પણ ભાવિભાવો અટકાવી શકાતા નથી, આથી જ ભસ્મગ્રહથી ઉત્પન્ન થયેલી શાસનની બાધાને રોકવા માટે હે નાથ ! તમે પણ સમર્થ થયા નહિ, (૩૫૯)

દુઃખને જાણીને જો તે હરણ ન કરો તે છતાં તમે લગાર પણ દોષિત ન થાવ, તો તમારી ઉપર દુઃખે ધારી શકાય તેવું અજ્ઞાનવાદનું ઘોષણ પ્રાપ્ત થતું નથી ? (૩૬૦)

એક બાજું અજ્ઞાનવાદીપણું દુષ્ટ છે, જ્યારે બીજી બાજુ તમે સર્વજ્ઞ છતાં નિષ્ક્રિય છો અર્થાત્ કંઇ કરતા નથી, માટે હે પ્રભુ ! બે પ્રકારના પાશને ભેદવા માટે મારો ઉદ્ધાર કરો, (૩૬૧)

સૃષ્ટિની રચના વગેરેમાં તત્પર એવા તારા સિવાયના બીજા સર્વ દેવોનો મેં ત્યાગ કર્યો એટલું જ નહિ પણ શરણ કરવા યોગ્ય એવા આપનું જ મેં શરણ કર્યું છતાં હે નાથ ! આપ મારા દુઃખની શ્રેણિને કેમ જોતા નથી ? (૩૬૨)

હે નાથ ! શું તમે જાણનાર નથી, અથવા શું તમે સમર્થ નથી, અથવા શું હું દુઃખથી પુષ્ટ થયેલો અર્થાત્ દુઃખી નથી ? જે ચિંતાને ધારણ કરનારા એવા મને સંસારથી કેમ ઉદ્ધરતા નથી ? અર્થાત્ ઉદ્ધાર કરો ૩૬૩

હે નાથ ! તેં મને સંસારથી ઉદ્ધાર કરીશ એવી ઇચ્છાથી બોલાવ્યો છે, તો પછી હવે મને સંસારમાંથી ઉદ્ધાર કરતાં હે પ્રભુ ! કેમ વિલંબ કરો છો ? (૩૬૪)

હે પ્રભુ ! સંસારમાંથી ઉદ્ધાર કરનારા એવા તમારા બોલાવ્યો હું આવ્યો છું, તો પછી મારા ઉપર કૃપા કરીને મને પકડીને સંસારમાંથી કેમ છોડાવતા નથી ? (૩૬૫)

૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હું તમને સર્વજ્ઞ કેમ જાણું ? કારણ કે અજોડ દુઃખી એવા મને જાણતા નથી ? માટે હે જગત્પ્રભુ ! જો તમે તે જાણો છો–મારા દુઃખોને જાણો છો તો મને સુખ કેમ પમાડતા નથી ? અર્થાત્ સુખ પમાડો. (૩૬૬)

દુઃખીના દુઃખોને જોઇને શું સમર્થ પુરુષો–ઉદ્ધાર કરવાની તાકાતવાળા પુરુષો દુઃખોનો ઉદ્ધાર ન કરે ? અર્થાત્ કરે, છતાં હે નાથ ! જો તેની દયાવાળાઓમાં–કૃપા કરનારાઓમાં રેખા હોય તો તમને હું શું કહું ? અર્થાત્ હે દયાનિધિ ! મારાં દુઃખો દૂર કરો. (૩૬૭)

હે જગત્પતિ ! અત્યંત દીન એવા મને શું નથી જાણતા કે જેથી દીનના ઉદ્ધારમાં નિપુણપણાની ઉદ્ઘોષણા કરાવીને પણ મને સંસારસમુદ્રમાંથી ઉદ્ધરતા નથી. (૩૬૮)

જગતમાં ચંદ્રની કાન્તિઓ પરોપકારરૂપી સત્ફળવાળી હોય છે, પરંતુ આપની વાણી તો તેનાથી અધિક ફળવાળી જો છે તો મને મુક્તિ આપનારી કેમ થતી નથી ? અર્થાત્ આપની વાણી મુક્તિ આપનારી થાવ. (૩૬૯)

જગતમાં તે જ સજ્જનો કહેવાય છે કે જેમની લક્ષ્મી પરોપકાર માટે હોય છે, તો પછી આપનાં અનંત દર્શન અને જ્ઞાન બીજા જીવોને વિષે કેમ ફળે નહિ ? અર્થાત્ ફળો. (૩૭૦)

હે જગત્પ્રભુ ! તમે ઘણા ભવોને વિષે વિશ્વને ઉપકાર કરવાની ઇચ્છાવાળા હોઇ સંસારરૂપી અંધકૂવામાંથી મારો ઉદ્ધાર કરીને તે પરોપકારને કેમ કરતા નથી ? (૩૭૧)

સંસારને વિષે તમારી સાથે મારો અનંતીવાર સંબંધ થયો છતાં તેનું હું ફળ માગતો નથી, પરંતુ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રરૂપ માર્ગથી થવાવાળા મુક્તિરૂપી ફળને હું માગું છું માટે હે નાથ ! તે આપો ! ૩૭૨.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હે સ્વામી ! આ સંસાર વિષે રખડતાં ભૂતકાળમાં તમે અને હું પરસ્પર જોડાતા સંબંધોને પામ્યા હતા, પણ અત્યારે તો આપ દેવસ્થાનમાં–દેવપણામાં રહેલા છો, જ્યારે હું તો અત્યારે તમારે શરણે રહેલો છું. (૩૭૩)

હે સ્વામિન્ ! સંસારરૂપી કૂવામાં રહેતા અને પોતાની પીડાને પોકારતા એવા મને સેવકને જો તમે બચાવશો નહિ, તો તમારી દયાલુતા કઇ ? માટે તમારું દયાળુપણું સાચવવા મને તારો. (૩૭૪)

મહાન્ પુરુષો બોલાવ્યા વિના બીજાનાં દુ:ખોનો ક્ષય કરવામાં રક્ત હોય છે, પરંતુ હે નાથ ! આપની આગળ મારાં દુ:ખોની બૂમો પાડતાં પાડતાં આ મારી જિહ્વા પણ સુકાઇ ગઇ. (૩૭૫)

હે જગતના નાથ ! અરે બુદ્ધિનું કેવું આંધળાપણું છે કે જે દુષ્ટ વિચારવાળા મનુષ્યો લીલાથી વિરાગપણારૂપ ગુણને દોષપણે પ્રકાશિત કરે છે–જાહેર કરે છે. (૩૭૬)

પરલોક માનવાવાળાને તો શાસ્ત્રો તો જરૂરિયાતવાળા જ છે. તેથી જો દેવ સર્વજ્ઞ માનવામાં ન આવે તો આગમમાં અપૌરુષેય–કોઈપણ પુરુષે નહિ બનાવેલાં માનવાં પડે, પણ તે યુક્તિયુક્ત નથી. (૩૭૭)

આશ્ચર્ય, અરે મહાન્ આશ્ચર્ય છે વિદ્વાનોને પણ ન જાણી શકાય તેવું જે કેટલાક આકાશમાંથી શાસ્ત્રોને પાડે છે. અર્થાત્ આકાશમાંથી શાસ્ત્રનું ઉત્પન્ન થવાપણું માને છે. ખેદની વાત છે કે આ કેવા પ્રકારનું દેવનું વિરોધીપણું. (૩૭૮)

ખેદની વાત છે કે ક્ષણિકવાદને માનીને સંતાનને–ક્ષણની પરંપરાને સ્થાપન કરે છે એટલે માને છે, તો પછી તેઓ વસ્તુને નિત્યાનિત્ય–ઉભય સ્વરૂપે કેમ માનતા નથી ? (૩૭૯)

જિનેશ્વર મહારાજની આ આગમની શ્રેણિ સંસારરૂપ કૂવામાંથી ઉદ્ધાર કરવાને માટે ગુણ એટલે દોરો, તેની શ્રેણિ એટલે દોરડા સરખી છે, જ્યારે આશ્ચર્યની વાત છે કે બીજાઓએ ભદ્રિક પ્રાણીઓને ભવરૂપ કૂવામાં પતનને આપનારી–પાડનારી એવી શાસ્ત્રની શ્રેણી કરી છે. (૩૮૦)

જેવા પ્રકારે બીજાઓ પ્રથમ યુક્તિથી રહિત કહીને–બોલીને અને તે પછી તેને સ્થાપન કરવામાં વ્યગ્ર હૃદયવાળા છે. તેવા પ્રકારે હે ભગવાન્! આપ નથી, કારણ કે તમે તો હંમેશાં પૂર્વાપરવિરોધ ન આવે તેવી રીતે સુંદર વચનોને બોલો છો. (૩૮૧)

આ બિચારાઓ માન–પ્રમાણના સ્વરૂપને બોલે છે, પણ અતીન્દ્રિય વિષય છે જેનો એવા પ્રમાણને તો તેઓ બોલી શક્યા નથી. જે કારણથી લોકોને અનુસરવાવાળા એવા તેઓને ધાર્મિક માર્ગની પરમાર્થતા તો નથી જ (૩૮૨)

ભવ્ય પ્રાણીઓ વડે આ બીજા દેવો પરાર્ધ ભવો સુધી સારી રીતે સેવાયા છતાં પણ તેઓ મુક્તિ દેવાને માટે સમર્થ થયા નહિ, પરંતુ હે જિનેશ્વર ભગવાન્! તમો તો સેવાયા છતા સાત–આઠ ભવમાં જ મુક્તિ આપશો. આથી તમને સેવીએ છીએ. (૩૮૩)

બીજાએ માનેલા ઈશ્વર જો આત્માદિ અતીન્દ્રિયપદાર્થોને દેખનાર નથી તો પછી તે અતીન્દ્રિય પદાર્થો જાણવા માટે આસ્તિકો શા માટે તેમનો સ્વીકાર કરે? અર્થાત્ આસ્તિકોએ તેવા ઈશ્વરનો સ્વીકાર કરવો ન જોઇએ. (૩૮૪)

**પ્રશ્ન**-જો આત્મા જ્ઞાનસ્વરૂપ છે તો પછી તે કેમ સર્વજ્ઞપણાને ધારણ કરતો નથી? અર્થાત્ સર્વવસ્તુને કેમ જાણતો નથી?
**ઉત્તર**-જ્યારે આત્મા આવરણ રહિત થાય છે ત્યારે જ અમિતબોધ પણ પ્રગટ થાય છે. અર્થાત્ ત્યારે જ સર્વજ્ઞ થાય છે. (૩૮૫)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જો જ્ઞાનસ્વરૂપ આત્મા નથી તો પછી સુખ મેળવવાને માટે અને દુઃખ દૂર કરવાને માટે નિરંતર યત્ન કેમ કરાય છે? કારણ કે આત્મારૂપ જે આધાર તે વગર સુખ અને દુઃખ કોના આશ્રયે રહ્યાં? (૩૮૬)

આ એક ખરેખર મોટામાં મોટું આશ્ચર્ય છે કે જે લોકો આત્માના સ્વરૂપને લોપીને દરેક સમયે દુઃખમય સુખની ઇચ્છાને કેમ ધારણ કરે છે? કારણ કે શુદ્ધ ગુણીભાવ છે જ નહિ. અર્થાત્ તેમના મતે આધારરૂપ આત્મા જ નથી તો પછી સુખદુઃખની ઈચ્છા શી? (૩૮૭)

હે પ્રભુ! હું આપનો આ જન્મથી દાસ છુ, કિંકર છું, નોકર છું છતાં જો તમે રક્ષણ નહિ કરો તો તમારી દયાલુતા કેવા પ્રકારની?

પ્રેરણા કરાયા વગર પણ જેઓ બીજાઓના ઉપકારકાર્યમાં પ્રવર્તે છે તેઓ મોટા મહિમાના પદને પામે છે, પરંતુ સારી રીતે ઉપકાર કરવા માટે પ્રેરણા કર્યા છતાં આપ ઉપકાર કરતા નથી તે શું હે નાથ! તમને યોગ્ય છે? અર્થાત્ યોગ્ય નથી. (૩૮૯)

અવધિ આદિ જિનોના પણ ઇશ્વર એવા આપે પ્રાણીઓને-આખા જગતનો ઉદ્ધાર કરવા માટે તીર્થ કર્યું. અર્થાત્ તીર્થ સ્થાપ્યું, છતાં તમારા તે વચનને આશ્રીને હું વર્ત્યો નહિ તેથી ખરેખર ખેદની વાત છે કે રક્ષણ કરનારા હોતે છતે પણ હું ઠગાયો, લુંટાયો છું. (૩૯૦)

હે જિનેશ્વર મહારાજ! તમારા વચનથી સમતા વડે ભીંજાઈ ગયું છે ચિત્ત જેનું એવો હું તમારા ચરણકમળમાં આ વિજ્ઞપ્તિ કરું છું કે જેવી રીતે ભવસમુદ્રમાંથી મારો ઉદ્ધાર થાય તેવી રીતે મારી ઉપર કરુણા કરો. (૩૯૧)

હે નાથ! હે સ્વામી! આપના સિવાય આવા પ્રકારના અર્થાત્ સંપૂર્ણ બોધથી શૂન્ય એવા બીજાઓથી મારી પીડાઓ-દુઃખો જણાય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેમ નથી, કારણકે તેવા પ્રકારના જ્ઞાન વિના અનાદિ કાળના પદાર્થનો બોધ થતો જ નથી. અર્થાત્ તેઓ સર્વજ્ઞ નથી તેથી મારી પીડાઓને જાણી શકતા નથી અને તમે સર્વજ્ઞ છો તેથી જાણો છો. (૩૯૨)

અનાદિના અજ્ઞાનથી ઢંકાયેલાં છે નેત્રો જેનાં એવા બીજાઓ આ ભવને ખરા સ્વરૂપે કેવી રીતે જાણી શકે? અર્થાત્ જાણી શકે નહિ, કારણ કે જેમ બીજાંકુરની સંતતિ એટલે બીજથી અંકુરો અને અંકુરાથી બીજ એ પ્રવાહ અનાદિ છે તેમ આ કર્મ ને ભવનો પ્રપંચ-વિસ્તાર પણ અનાદિ છે. અર્થાત્ કર્મથી જન્મ ને જન્મથી કર્મ એ પણ અનાદિનું છે માટે સર્વજ્ઞ સિવાય બીજાથી ન જણાય. (૩૯૩)

જગતમાં આ વાત તો પ્રસિદ્ધ જ છે કે ઉપાદેય-જે વસ્તુ લેવી હોય તે વસ્તુના બોધ વગર મનુષ્યોને તે વસ્તુની સિદ્ધિ થતી જ નથી. તેવી જ રીતે છોડવું હોય તેમાં પણ તેના બોધની જરૂર છે. જ્યારે બીજાઓ એ જ્ઞાનથી રહિત છે તેથી ભવને-સંસારને છોડીને મોક્ષને મેળવવા કેવી રીતે તેઓ સમર્થ થાય? (૩૯૪)

નીતિથી કોઈ પણ પંડિત પુરુષે બીજ વગર અંકુરાનું ઉત્પન્ન થવું માન્યું નથી, તો પછી બીજાઓ ઇશ્વરનું શુદ્ધ સ્વરૂપ લોપીને આ સંસૃતિને-સંસારને કેવી રીતે કરેલું કહે છે? (૨૯૫)

મૂર્ખ પણ સાધ્ય નક્કી કર્યા વગર પ્રવર્તતો નથી તો પછી જગતમાં સારી રીતે ગવાયેલી છે વાણી જેની એવા વિદ્વાનો તે નિરર્થક પોતાના જગત્કર્તૃત્વને કેમ કહે છે? (૩૯૬)

હે નાથ! આર્યના માર્ગને છોડીને બીજાઓએ તુરંગશૃંગના સરખી અસત્ બીજી ઘણીયે વસ્તુઓ નિપજાવી છે અને તેથી અત્યંત માનવાળા એવા તેઓ પોતાના ભક્તજનોને સ્વતંત્રસિદ્ધાન્તપણે તે વસ્તુને કહે છે. (૩૯૭)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તમામ પ્રાણીઓને વિષે શરીરથી ઉત્પન્ન થવાવાળી ક્રિયા કહીને -માનીને ઇશ્વરના જગત્કર્તૃત્વવાદમાં કાયા રહિત એવા ઇશ્વરના સ્વરૂપમાં અશ્વશૃંગ સમાન અસત્ જગત્કર્તૃત્વપણાને કહે છે-જણાવે છે. કાયાથી ક્રિયા બને છે તે સિવાય બનતી નથી છતાં ઇશ્વરને બનાવવાનું માન્યું તો તે કેવી રીતે બની શકે? (૩૯૮)

જ્ઞાન ઇન્દ્રિયથી થવાવાળું છે એમ કહીને ઇન્દ્રિયોથી રહિત એવા ઇશ્વરને લજ્જાને છોડી દઇને તે જ્ઞાનને જો સ્વીકારે છે તો બીજાઓએ અશ્વશૃંગ સમાન અસત્ કથન શું નથી કર્યું? (૩૯૯)

હે જિનેશ્વર ભગવાન! રાગ ને રોષથી રહિત છે સ્વરૂપ જેનું અર્થાત્ વીતરાગને વિષે જે લોકોએ વૃત્તિ માની નથી તે જ લોકોએ પોતાના ઇષ્ટ કર્તૃત્વવાદમાં તે વાત મૂકી દઇને બીજું કલ્પિત જ કહ્યું છે. અર્થાત્ વૃત્તિ માને છે. (૪૦૦)

હે નાથ! આત્માની હતિમાં પ્રકર્ષથી મુગ્ધ એવા તે આ લોકો જીવાદિ તત્ત્વોવડે કરીને સુંદર એવા તારા માર્ગનો આશ્રય કરતા નથી. આથી નાશ પામ્યું છે પુણ્ય જેનું એવા તેઓ-નિર્ભાગિયાઓ અમૃતને મૂકીને શું અજ્ઞાની એવા તેઓ વિષનું પાન કરતા નથી.? (૪૦૧)

હે નાથ! મોટા મોટા પંડિતો તમામ કાર્યોમાં ચિકીર્ષા, કૃતિ વગેરેની સાથે વ્યાપ્તિને સ્વીકારે છે-જ્યાં જ્યાં કાર્ય હોય ત્યાં ત્યાં ચિકીર્ષા, કૃતિ હોય, પરંતુ જગતના બનાવવા વખતે વિરુદ્ધ વાણીવાળા જેમ તેમ લવે છે-બોલે છે. (૪૦૨)

કોઇ વખત સારા ભાગ્યનો યોગ હોય તેથી હે નાથ! આખું જગત્ તમારા માર્ગમાં આવી જાય. અર્થાત્ આવી જાય તેમ થયું નથી. તેથી જો તેમ થાય તો તમારું જે વચન છે કે જગત્ આવું ને આવું રહેવાનું છે એ તમારું વચન અન્યથા થાય. અર્થાત્ બધા માર્ગને પામવાના નથી અને તમારું વચન પણ અન્યથા થવાનું નથી. (૪૦૩)

હે જિનેન્દ્ર ! સંસારરૂપ સમુદ્રનો પાર પામવાને પૂલના સરખી એવી તમારી આ વાણી મને પ્રાપ્ત થઇ છે. પરંતુ તેવા પ્રકારના યોગથી પાંગળો એવો હું સંસારના પારને પામવારૂપ જે શ્રેષ્ઠફળ તેને લેવાને માટે સમર્થ થયો નહિ (૪૦૪)

હે જિનેશ્વર ભગવાન્ ! બોધિ નહિ હોવાથી મેં આવા પ્રકારનું જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું કે જે કારણથી અત્યારે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે લેશમાત્ર પણ મારી તાકાત નથી. (૪૦૫)

હે પ્રભુ ! આગમ સંબંધી કંઈક મેં જ્ઞાન પણ પ્રાપ્ત કર્યું છે તેથી જિનેશ્વરના માર્ગને અનુસરવાવાળી મતિ પ્રાપ્ત થઇ છે, છતાં હે દાની ! તે જ્ઞાનને દેવા માટે કાયાદિ બળથી રહિત એવો હું શક્તિમાન નથી. (૪૦૬)

હે નાથ ! જેવી રીતે **ઉપમિતિભવપ્રપંચ** શાસ્ત્રમાં દાનને વિષે જે રંકની–ગરીબની અશક્તિ વર્ણવી છે તેનાથી પણ અધિક અશક્તિ હમણાં મારામાં સ્પષ્ટ રીતે છે. (૪૦૭)

હે વિભુ ! અવકેશિ–વન્ધ્ય વૃક્ષની જેમ સામર્થ્ય વગરનો એવો હું તમારા માર્ગને પામીને પણ કંઇ કરવાને માટે કે કરાવવાને માટે હમણાં સામર્થ્ય ધરાવતો નથી. (૪૦૮)

હે જિનેશ્વર ભગવાન્ ! સંસારસમુદ્રમાં ડૂબેલા પ્રાણીઓનો આપની વાણીથી ઉદ્ધાર થાય છે એવી વાણી હું પામ્યો અને લાંબા કાળ સુધી આરાધી છતાં મારો ભવથી ઉદ્ધાર કેમ ન થયો ? (૪૦૯)

પોતાના દોષને જોનારા અલ્પ જ જીવો હોય છે અને ઉપકારનો બદલો વાળનારા તો તેથી પણ અલ્પ હોય છે, પણ કેટલાકો જ અર્થાત્ ગણ્યા ગાંઠ્યા જ સંપૂર્ણ ગુણપણાને પામે છે. (૪૧૦)

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

ગુણીના સમૂહની ગણતરી વખતે તો જગતમાં કેટલાક વિદ્વાનો હોય છે, પણ ગુણરૂપ ભવનમાં નિવાસ તો કોઈક ભાગ્યશાળીનો જ હોય છે, પરંતુ બીજાનો હોતો નથી. (૪૧૧)

હે પ્રભુ ! તમારી દૃષ્ટિ વિષમ છે અર્થાત્ સમદૃષ્ટિ નથી, પરંતુ બીજાઓની વિષમ દૃષ્ટિ નથી, કારણ કે અહીં તમારા શાસનમાં જીવોની જાતિ મુક્તિને યોગ્ય અને અયોગ્ય એમ બે જણાવી છે. અર્થાત્ ભવ્ય, અને અભવ્ય જણાવી છે, જ્યારે બીજા દર્શનમાં તો બધા સરખા જ જણાવ્યા છે. (૪૧૨)

હે જિનેશ્વર ભગવાન્ ! આપ કહો છો કે જીવોનો અનંતમો ભાગ મોક્ષે જશે, પણ કોઈ દિવસ અસંખ્યાતમો ભાગ જશે નહિ. આ વચન સત્ય કરવાને માટે જ જાણે ઉન્માર્ગમાં રહેલા ઉદાર ભાવવાળા તમારા માર્ગને પામતા નથી. (૪૧૩)

હે જિનેશ્વર ભગવાન્ ! તમારી વાણીથી એકદુઃખસ્વરૂપવાળો, અશુભ અનુબંધવાળો, દુઃખના અનુબંધવાળો-દુઃખની પરંપરાવાળો આ સંસાર માનું છું, છતાં હવે તને મને શ્રેષ્ઠ એવું શિવરાજ્ય કેમ આપતા નથી ? (૪૧૪)

જ્યાં સુધી તમારા સમભાવને પામે નહિ, અર્થાત્ રાગદ્વેષ રહિતપણું પામે નહિ ત્યાં સુધી તમારી આજ્ઞા ભવ્યોને સદા માન્ય જ છે. હે જિનનાથ ! હે વિભુ ! તે સમભાવ પ્રાપ્ત થયા પછી તો તેઓ જ-ભવ્યો જ પણ તમારા માર્ગને ઓળંગી જાય છે, કારણ કે તે પછી કેટલાક વંદનાદિ વ્યવહારો તેમને પાલવાના હોતા નથી. (૪૧૫)

હે જિનેશ્વર ભગવાન્ ! તમે ફરમાવ્યું છે કે આગમની નિશ્રા વડે જ ધર્મ થાય છે, પરંતુ અસંગાનુષ્ઠાન આગમના વચનના ઉલ્લંઘન-આલંબન વગરનું કહેલું છે. (૪૧૬)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હે જિનેશ્વર ભગવાન્ ! તમારા વચનરૂપી અમૃતથી પુષ્ટ થયેલો છે દેહ જેનો એવા જીવો જલદી સિદ્ધિને પામે છે, પરંતુ તમારા વચનના પાનમાં મગ્ન છતાં અત્યંત પાપવાળો એવો હું કેમ તે માર્ગને પામતો નથી ? (૪૧૭)

પરમાત્મસ્વરૂપવાળા એવા ઇશ્વર તમારું ધ્યાન કરે છતે ભવ્ય પ્રાણીઓ ક્ષણવારમાં સિદ્ધિને પ્રત્યે જાય છે એ સાચી વાત છે, પરંતુ હે નાથ ! લેશથી પ્રયત્ન કરતો છતો પણ ભાગ્ય વગરનો હું તે સિદ્ધિને પામતો નથી. (૪૧૮)

હે નાથ ! તમારું વચન પણ ભવ્ય પ્રાણીઓને ભવરૂપ સમુદ્રના પારને જલદી દેવાવાળું છે છતાં તથા પ્રકારના ભાગ્યથી રહિત એવો હું હે નાથ ! તમારા વચનના માર્ગથી–આગમના માર્ગથી અત્યંત દૂર છું. (૪૧૯)

હે પ્રભુ ! આ સેવકની ઉપર દયા કરો કે જેથી કરીને ભવના ભયવાળો એવો હું હંમેશાં તમારા ચરણકમળની સેવામાં લીન થાઉં (૪૨૦)

હે નાથ ! સંસારનું સ્વરૂપ તમે જ જણાવેલું છે અને સંસારથી ઉદ્ધાર કરવાનો માર્ગ પણ આપે જ કહેલો છે, પરંતુ ભાગ્યવગરનો હું આપના વચનરૂપ અમૃતથી દૂર રહેલો છું. (૪૨૧)

રોગ હોય તો તેને નાશ કરે તે ન હોય તો શરીરમાં શાન્તિ, તુષ્ટિ, પુષ્ટિ કરનારરૂપ ત્રીજા ઔષધમાં જે વૈદ્ય લોકમાં સર્વ પ્રાણીઓને સુખ કરનાર હોવાથી પ્રશંસાને પાત્ર થાય છે તો હે પ્રભુ ! શું તમે તેવા પ્રકારના નથી ? અર્થાત્ તમે તો તેવા જ છો. (૪૨૨)

હે પંડિત પુરૂષો ! વિચારીને જિનશાસનના સારને બોલો, કારણ કે જિનેશ્વર મહારાજે કહેલા જે સારને અવલંબીને સદ્‌ગતિનું ભાજન થાઉં ને ભવસાગરનાં દુઃખોથી રહિત થાઉં. (૪૨૩)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હે જિનેશ્વર ભગવાન્! પહેલાં તીર્થંકરનામ નિકાચિત કરીને ભવરૂપી સમુદ્રનો પાર કરવાને માટે તીર્થને આપે દેખાડયું-સ્થાપન કર્યું છતાં હે આપ્ત ! અત્યંત દીન વાણીવાળા એવા મને એકને કેમ તારતા નથી ? (૪૨૪)

હે નાથ ! તમારા ચરણકમલની સેવા અત્યંત દુર્લભ ગવાય છે અને તે ભવ્ય પ્રાણીઓને મોક્ષ માટે થાય છે. તેથી ભાગ્યશાળી એવો હું તમારી પાસે પ્રાર્થના કરૂં છું કે સંસારમાં હું આપના ચરણકમળના યોગવાળો થાઉં, અર્થાત્ સેવવાવાળો થાઉં. (૪૨૫)

મોક્ષસુખને આપનારી એવી જિનેશ્વર, સિદ્ધ ભગવાન્, મુનિરાજ અને સદ્ધર્મ સંબંધી વિપુલ ભાવસહિત નિરવદ્યપૂજા હંમેશાં મને હો, કારણ કે તે ઉત્કૃષ્ટ પૂજા મોક્ષના અભિલાષી મનુષ્યોને હોય છે. (૪૨૬)

અરિહંત મહારાજ વગેરેની સેવા કલ્યાણ કરનારી છે. તે સેવાનો લાભ તો ભાગ્યના યોગથી જ મળે છે અને નિરવદ્ય પ્રતિપત્તિ-સેવા કોઈ જ મનુષ્ય પામે છે. (૪૨૭)

અરિહંત મહારાજ આદિનો યોગ પહેલાં ઇચ્છાય છે. ત્યારપછી તેમની સેવા ઇચ્છાય છે, તે પછી પ્રતિપત્તિ ઇચ્છાય છે કે જેથી ગયું છે પાપ જેનું એવા આત્માનું સંસારથી પાર પામવું થાય છે. (૪૨૮)

બધા પ્રાણીઓ સુખની ઇચ્છાવાળા છે અને તે સુખ મોક્ષમાં માનવામાં આવ્યું છે અને તેનો માર્ગ સંઘ એટલે પ્રવચન આપે બતાવ્યું છે અને તે પ્રવચન તો લોઢાના ચણા ચાવવા જેવું અત્યંત દુષ્કર છે. (૪૨૯)

તમારા સંયોગથી પુષ્ટ થયું છે સદ્ભાગ્ય જેનું એવો હું સંસારસમુદ્રના પારને પામું તેમાં કંઈ આશ્ચર્ય નથી. કારણ કે મોટાના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંગથી તેમ થાય જ, પરંતુ તે આશ્ચર્યની વાત છે કે તમારા વિરોધી પણ મોક્ષમાં ગયા. (૪૩૦)

તીર્થંકર નામકર્મરૂપ ફળને આપનારી એવી તમારી જગતને ઉદ્ધાર કરવાની ઇચ્છા છે, છતાં હે નાથ! મને એકને ભવરૂપ સમુદ્રમાંથી ઉદ્ધાર કરવાને માટે કેમ તમે સમર્થ થતા નથી? (૪૩૧)

હે તીર્થંકર ભગવાન્! દુઃખના ભારથી અત્યંત દુઃખી અવસ્થાને પામેલા એવા મારો તમે ઉદ્ધાર કરો, કારણ કે અત્યંત દુઃખમાં મગ્ન થયેલાનો ઉદ્ધાર કરવો એ જ સજ્જન પુરુષોનું કાર્ય છે. (૪૩૨)

દુઃખમાંથી ઉદ્ધાર કરવાને માટે અત્યંત સમર્થ એવું જિનેન્દ્રનું શાસન હું પામ્યો, પરંતુ ખેદની વાત છે કે સન્માર્ગમાં જવાવાળો ન થયો તેથી ચોક્કસ છે કે મારું ભાગ્ય વિપરીત છે. (૪૩૩)

હે જિનેશ્વર ભગવાન્! આ તમારું શાસન અરિહંત મહારાજ સુધીની ઠકુરાઇ દેવાને માટે સમર્થ એવી દાનશાળારૂપ મંડાયું છે, છતાં હું સમૃદ્ધ કેમ ન થયો? અર્થાત્ દરિદ્ર કેમ રહ્યો? (૪૩૪)

હે પ્રભુ! અનર્થી—યાચના નહિ કરવાવાળા એવા અનેક પ્રાણીઓ આ ભવથી ઉદ્ધર્યા, પરંતુ દુઃખી અને યાચના કરતા એવા મારો તમે કેમ ઉદ્ધાર કરતા નથી? (૪૩૫)

દુઃખરૂપ સમુદ્રમાંથી બીજાને ઉદ્ધાર કરવામાં વિશેષ પ્રકારે કૃપાલુપણું સત્પુરુષોએ માનેલું છે, છતાં દુઃખમાં ડૂબી ગયેલા એવા મને ચક્ષુ વડે પણ તમે કેમ જોતા નથી?

દુઃખના લેશનો ઉદ્ધાર કરવાથી મનુષ્ય ઉદ્ધારક થતો નથી. અર્થાત્ જરાક દુઃખનો ઉદ્ધાર કરે તેથી ઉદ્ધારક થતો નથી, કારણ કે ઘણા દુઃખમાંથી ઉદ્ધરવાથી મનુષ્ય ઉદ્ધારક બને છે માટે હે નાથ!

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

દુઃખરૂપ સમુદ્રમાં ડૂબેલા એવા મને સમ્યક્ પ્રકારે ઉદ્ધરો તો જ તમે ખરેખરા ઉદ્ધારક કહેવાઓ. (૪૩૭)

હે નાથ ! આપની વાણી વડે ઘણા પ્રાણીઓ સંસારરૂપ પંજરમાંથી મુક્ત થયા તો મારા ભાગ્યની ઊણપથી મારો ઉદ્ધાર કરવામાં શું આપને ભાર લાગ્યો ? (૪૩૮)

હે જગત્પતિ ! અધમ એવા આ ભવરૂપ રાક્ષસથી મને બચાવો, મારું રક્ષણ કરો ! કારણ કે તમારા વૈરથી જાણે હોય નહિ શું તેમ આ ભવરૂપ રાક્ષસ મને પીડીને-દુઃખ દઈને હર્ષ પામે છે. (૪૩૯)

વસ્તુતઃ-ખરેખર પરાજય પમાડેલો બીજો ત્યારે જ કહેવાય કે જ્યારે તમારા આશ્રિતને પીડા ન કરે, પણ હે ભગવાન્ ! હું તો આપને આશ્રય કરાયેલો બીજાથી પીડાને પામું છું તો પછી તમે મોહને કેવી રીતે જીત્યો ? અર્થાત્ તમે મોહને જીત્યો વાસ્તવિક કેમ મનાય ? (૪૪૦)

હે નાથ ! જગતના સૂર્ય સદૃશ આપ અરિહંત મહારાજ સમર્થ હોતે છતે આ મોહરાજા હું અને મારું એ મંત્ર વડે જગતને આંધળું કેમ કરે છે ? (૪૪૧)

હે જગત્પતિ-જગન્નાથ ! આ જગતની અંદર તમારું શાસન ઝળહળતું-પ્રકાશમાન હોતે છતે મોહરૂપ અંધકારથી હંમેશાં મારો આત્મા કેમ પરાસવ પામે છે ? (૪૪૨)

હે નાથ ! આપે મને સંસારરૂપ કૂવામાંથી ઉદ્ધરવા માટે દોરડું નાખ્યું, પરંતુ હે દેવ ! હું મુઠી વાળીને પકડવા માટે સમર્થ થયો નહિ, તે ખરેખર મારી નિર્ભાગ્યતા છે. (૪૪૩)

હે પ્રભુ ! તમે જગતને વિષે કલ્પદ્રુમને ઓળંગી જાય તેવા પ્રકારની પ્રૌઢતાને-સમૃદ્ધિને પામ્યા છો છતાં મને સંસારસમુદ્રને પાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પમાડનાર એવા ઇષ્ટ માર્ગને કેમ આપતા નથી ? અર્થાત્ સંસારસમુદ્રને પાર પમાડનાર માર્ગ મને આપો. (૪૪૪)

આ જગતમાં પણ દાતારના જ યશોવાદો ગવાય છે તો તમે મને અક્ષય એવો પોતાના ગુણનો અંશ પણ કેમ આપતા નથી ? અર્થાત્ આપના અક્ષય ગુણનો અંશ આપો કે જેથી હું પણ અક્ષય-ગુણવાળો થાઉં. (૪૪૫)

ગુણની ઇચ્છાવાળા વડે તેવા પ્રકારે ભૂતકાળમાં થઇ ગયેલાં દાતારો ગવાતા નથી કે જેવા પ્રકારે વર્તમાનકાળના દાતારો ગવાય છે, માટે તમે મને પોતાનું શાસન આપો. (૪૪૬)

જગતને વિષે મહાદુઃખીનો ઉદ્ધાર કરવાથી કીર્તિને આપનારી, એવી વિશ્વોપકારિતા જો પ્રખ્યાત છે તો પછી તેવા પ્રકારના મહાદુઃખી એવા મને કેમ તમે જોતા નથી ? (૪૪૭)

જગતની અંદર અન્યદર્શનીઓએ જગત્કર્તૃત્વ વગેરે કારણો વડે ઇશ્વરનું ઐશ્વર્ય પણું માનેલું છે, જ્યારે હે નાથ ! તમે તો ભવ-સંસારસમુદ્રથી ઉદ્ધાર કરવામાં જ ઐશ્વર્ય–ઇશ્વરતા માનેલી છે. (૪૪૮)

હે વિભુ ! દેવતાએ સહિત એવી બાર પર્ષદામાં આપે જીવમાત્રનો ઉદ્ધાર કરવો તે જ પોતાનું કર્તવ્ય જણાવેલું છે, તો પછી મારો ઉદ્ધાર કરવામાં આપ આળસવાળા કેમ છો ?

શ્રેષ્ઠ વૈદો મહાવ્યાધિથી ભરેલા એવા દર્દીઓને સારા કરવાથી જ પ્રતિષ્ઠાને પામે છે, તો હે પ્રભુ ! હે ભગવન્ ! મારા રોગની–ભાવરોગની ચિકિત્સા કરો. (૪૫૦)

સમુદ્રની અંદર ઉત્પાતથી ઘેરાયેલા વહાણને જે પાર પમાડે તે નિર્યામક પ્રખ્યાત ગણાય, તો પછી આ ભવરૂપ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમુદ્રના પારને ઊતરવાના માર્ગને જાણનાર આપ મને કેમ ઉતારતા નથી ? કારણ કે આપ તો મહાનિર્યામક છો. (૪૫૧)

કાર્યની સિદ્ધિને ઇચ્છનારાઓની સિદ્ધિ પર્યંત અર્થાત્ સિદ્ધિ થાય ત્યાં સુધી ઉદ્યમ હોય છે, તેથી હે નાથ ! હું પણ જ્યાં સુધી ભવથી નહિ મુકાઉં ત્યાં સુધી તમારો આશ્રય સ્વીકારું છું-તમારું આલંબન સ્વીકારું છું. (૪૫૨)

કોઇ પણ જગાએ નામમાત્રથી પદાર્થની સિદ્ધિ થતી નથી, તેવી જ રીતે વાક્ય અવશ્ય વાચ્યાર્થથી યુક્ત હોતું નથી, છતાં પણ હે દેવ ! અરિહંત એ નામ પણ જગતમાં સમગ્ર પ્રાણીઓને રક્ષણ કરે છે તે ખરેખર આશ્ચર્ય છે. (૪૫૩)

બુધ્ધિમાનોએ આકૃતિ-સ્થાપના નિર્જીવ માની છે, કારણ કે તેમાં કાઇ પણ ક્રિયા નથી. વળી તેમાં જ્ઞાનગુણ વગેરે પણ નથી. તેમજ તે મન, વચન અને કાયાના યોગથી પણ રહિત જ છે, છતાં પણ રાગ વગેરેથી રહિત એવું શાન્તરૂપ ધારણ કરવાથી અને દેખનારને વિકાર ત્યાગ કરાવનાર હોવાથી તમારી પ્રતિકૃતિ-મૂર્તિ ત્રણે લોકનું રક્ષણ કરે છે, તે હે દેવ ! આશ્ચર્ય જ છે. (૪૫૪)

ભોળા મનુષ્યો વસ્તુના સ્વરૂપને જાણતા નથી અને તેથી તે જન્મના છેડા સુધી ઉન્માર્ગે જાય છે. જે માટે તે ગતાનુગતિક ચાલવાવાળા છે, આથી ભાગ્યના યોગ વગર મનુષ્ય તત્ત્વને જોનારો થતો નથી. (૪૫૫)

શાન્ત, દાંત, મુમુક્ષુ એવા મનુષ્યને મોક્ષે જવામાં યોગ્ય લોકો કહે છે, કેમકે વિકારવાળા મનુષ્યમાં આત્મબોધ ન હોય, અને તેને માર્ગને જણાવનાર વાક્ય ઉપર આદર પણ ન થાય આથી જો મનુષ્ય મોક્ષને ન ઇચ્છે તો તેને અધિક માનીને કેવી રીતે ઉદ્યમ કરે? આશ્ચર્યની વાત છે કે ત્રણે કરીને શૂન્ય દેવસ્વરૂપ પ્રથમ પદને પામે છે. અર્થાત્ સ્વરૂપ પામ્યા પછી વ્યવહાર તે ગુણોની જરૂર નથી. (૪૫૬)

જગતમાં આશ્ચર્યની વાત છે કે દેવ પણાને પામેલા એવા જે આ દેવો સાધારણ અને લોકને માન્ય એવો સુકૃતનો જે માર્ગ તે ઉલ્લંઘન કરેલા વર્તનતાળા હંમેશા હોય છે. જે માટે સ્ત્રીએ કરીને સાહિત શરીરવાળી મૂર્તિ પોતાના ચૈત્યમાં નિંદાનું સ્થાન છતાં ભક્ત લોકોમાં હંમેશાં પૂજ્ય સ્વરૂપને પમાડે છે. (૪૫૭)

તમામ પ્રવાદીઓ પોતાના શાસ્ત્રમાં તો કહે છે કે કામ વગેરે અંતરંગરિપુઓને જીત્યા વગર કોઇપણ કાળે કલ્યાણનો માર્ગ નથી, પણ તે બધા બીજા દેવતાઓ કોઇપણ દિવસ તેનાથી-અંતરંગ શત્રુથી રહિત તો છે જ નહિ. અર્થાત્ તેઓ અંતરંગ શત્રુઓએ સહિત જ છે. (૪૫૮)

આ સાર્વતન્ત્ર એટલે બધાને માન્ય એવો સિદ્ધાંત છે કે આત્મામાં રહેલા કામ વગેરે અંતરંગ શત્રુઓ જીતવા યોગ્ય જ છે, પણ આ આશ્ચર્યની વાત છે કે તે બધા દેવતાઓ તો તે રૂપપણાને અર્થાત્ કામાદિના આધીનપણાને પામેલા છે. (૪૫૯)

આ જીવને પહેલાં અનંતાં પુદ્ગલ પરાવર્તો થઇ ગયા, તેમાં હે જિનેશ્વર ભગવન્! કારણ તો તમારૂં શાસન છે. અર્થાત્ તમારૂં શાસન ન મલ્યું હતું તેથી અનંતા પુદ્ગલપરાવર્તો ભૂતકાલમાં થઇ ગયા. (૪૬૦)

જેમ વાવવું વગેરે કણોની ઉત્પત્તિમાં કારણ છે તેમ નિગોદમાંથી નીકળવા વગેરેનું કારણપણું મોક્ષ થવામાં છે. અર્થાત્ મોક્ષમાં જેટલા જીવો જાય તેટલા નિગોદમાંથી નીકળે છે. (૪૬૧)

જેમ વાવ્યા વગર અંકુરો નથી અને અંકુરા વગર સ્કંધ–થડ પણ નથી, (આથી) જેવી રીતે આમાં હેતુનો અન્વય છે–સંબંધ છે તેવી રીતે તમારા વચનમાં પૃથ્વીકાય, અપકાય વગેરેનો સંબંધ જાણવો –પૃથ્વી વગર પાણી નહિ. પાણી વગર વનસ્પતિ નહિ તે વગેરે. (૪૬૨)

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

કોઈક જગો પર છેદાવા, ભેદાવાના યોગથી બાહ્ય નિગોદવાળા જીવોને વ્યવહારી કહ્યા છે, પણ તે રાશિના ભેદથી કહ્યા નથી (૪૬૩)

જેટલા પ્રમાણવાળા જીવો મોક્ષમાં જાય છે, તેટલા જ પ્રમાણવાળા જીવો અનાદ નિગોદમાંથી નીકળીને વ્યવહાર- રાશિમાં આવે છે, પણ તે તો હંમેશના માટે નિગોદનો અનંતમો ભાગ જ છે. (૪૬૪)

જો બાદર નિગોદ વ્યવહાર-રાશિમાં હોય તો નિશ્ચયે અનાદિ વ્યવહારીપણું ન થાય, અથવા મોક્ષમાં અનંતમો ભાગ ન થાય. (૪૬૫)

બધા જીવોનું મૂલ આગમમાં અવ્યવહારીપણું માનેલું છે, અને વ્યવહારિયા જીવો મોક્ષમાં જતા હોય તેટલા જ પ્રમાણવાળા તે જીવો વ્યવહારરાશિમાં આવે છે. (૪૬૬)

વ્યવહારમાં આવેલાનું અવસ્થાન વનસ્પતિના કાલથી વધારે નથી. તે અવસ્થાન પછી તો તેમાંથી નીકળવું નિશ્ચયે થાય.

જીવોને વનસ્પતિપણામાં કાલનું નિયમપણું નથી, કારણ કે કેટલાક જીવો તો અવ્યવહાર રાશિમાં સર્વદા સ્થિર હોય છે.

જે જે પુદ્ગલ પરાવર્તો જાય છે તે છેલ્લા પુદ્ગલ પરાવર્તના હેતુપણાને પામે છે; કારણ કે જે ઉલ્લંઘન કર્યાં તે બીજા બીજાનો કારણરૂપ બને છે. (૪૬૯)

તેથી જ **હરિભદ્રસૂરિ** મહારાજે **પંચવસ્તુ**માં દ્રવ્યલિંગનું પણ ગ્રહણ ભાવલિંગનું-ભાવ સાધુપણાનું કારણ વર્ણવ્યું છે. (૪૭૦)

સ્ત્રી, પશુ આદિથી રહિત, વસતી વગેરે સદાચારે કરીને સહિત એના સાધુપણાના ચિહ્નવાળાનું સાધુપણું માનવામાં દોષ નથી. અર્થાત્ લિંગી હોય પણ આચારથી યુક્ત હોય તો સાધુ માનવામાં દોષ નથી. આથી જ અભવ્યથી બોધ પામવાપણું માન્યું છે. (૪૭૧)

૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શાસ્ત્રમાં સંભળાય છે કે કેવલી અને ગણધર મહારાજના હસ્તે અભવ્યો દીક્ષા ન પામે, તો પછી તે દીક્ષા અનંતા અભવ્યોની કેવી રીતે થઈ ? (૪૭૨)

જો કે આગમમાં સર્વજ્ઞ ભગવાનની પાસે અને ગણધર ભગવાનની પાસે અભવ્યની દીક્ષાનો નિષેધ કરેલો છે. અર્થાત્ બીજા પાસે તો તેઓની દીક્ષા થાય છે, અને આથી જ અભવ્યોને પણ દ્રવ્ય–લિંગનો સંભવ છે. કારણ કે જે સિદ્ધ થયા, જે સિદ્ધ થાય છે અને જે સિદ્ધ થશે તે બધાઓને પણ પહેલાં દ્રવ્ય–લિંગવાળી દીક્ષા માની છે. આથી અભવ્યોની દીક્ષા વિરોધવાળી નથી. (૪૭૩–૪૭૪)

શ્રદ્ધા વગરનાને દીક્ષા નહિ એવો પક્ષ તો પાક્ષિક છે. અર્થાત્ પક્ષના કદાગ્રહવાળો છે. કારણ કે ક્રિયારુચિ વગરમાં પણ સમ્યક્ત્વની પ્રાપ્ત છે એમ શાસ્ત્રમાં કહ્યું છે. (૪૭૫)

આત્માનો સમ્યક્ત્વ ગુણ જે છે તે ગુણ તો કેવલજ્ઞાનથી જાણી શકાય છે. તેથી અતીન્દ્રિયજ્ઞાની સિવાયનાને દીક્ષા સમયે તેની પરીક્ષા કરવાની ન હોય. (૪૭૬)

માર્ગમાં ચાલનારાઓને દ્રવ્ય દીક્ષા તો અનિવાર્ય જ છે, કારણ કે અભવ્યો અને ભવ્યો સહિત એવી અનંતી દ્રવ્યલિંગવાળી દીક્ષા થઈ છે અર્થાત્ દ્રવ્યલિંગવાળા અભવ્ય ને ભવ્ય અનંતા થયા છે. (૪૭૭)

હે જિનેશ્વર ભગવાન્ ! તમે મારે માટે સિદ્ધાંતનો વિરોધ સ્વીકાર કર્યો, કારણ કે સંસારનો ક્ષય કરતાં કરતાં ઉત્કૃષ્ટથી ત્રણ ભવનો સંસાર બાકી રાખ્યો. (૪૭૮)

બીજા બીજાઓ વડે અમારો સ્વીકાર કરવાથી ઉપકાર મહાન્ મનાયો છે, પણ બીજાઓ ભૂલથી પોતાના આત્માને કર્મથી લેપે છે, પણ તું લેપાતો નથી. (૪૭૯)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અન્ય તીર્થાંતરીઓએ પોતાની ઇચ્છા માત્રથી ઉદ્ધાર માનેલો છે, જ્યારે હે ભગવન્! તમે તો વિશ્વનો ઉદ્ધાર કરવાને માટે હમેશાં અત્યંત મોટું કષ્ટ સહન કર્યું છે. (૪૮૦)

ચિંતાની મર્યાદા નથી એવા બીજા દેવતાઓ સ્વર્ગમાંથી ચ્યવનના વખતે મોટા દુઃખને પામ્યા, પરંતુ તમે તો સ્વર્ગના ચ્યવનના વખતે અરતિના છાંટાને પણ પણ પામ્યા નહિ, કારણ કે સજ્જન પુરુષોની પ્રવૃત્તિઓ મહાન્ ઉપકારને માટે હોય છે.

મિથ્યાદૃષ્ટિની આકૃતિને કહેવાતા એવાને તે ધર્મમાં માન્યા-જોડ્યા, કારણ કે તમે ઉદ્ધાર કરનાર એવું બિરુદ ધારણ કરનારા છો, તો હે ભગવન્! તમને શું કહું? અર્થાત્ આવું તારકપણાનું બિરુદ ધારણ કરવા છતાં મારી સામું કેમ જોતા નથી? (૪૮૨)

હે નાથ! આપનો એવો પ્રભાવ છે કે તમારા મહિમાથી અનંત પાપની રાશિવાળી એવી પણ આપની માતા દેવતાઓ, અસુરો અને મનુષ્યો વડે "હે રત્નકુક્ષિને ધારણ કરનારી!" એવા શબ્દથી બોલાવાઇ-કહેવાઇ. (૪૮૩)

આપ્ત પુરુષોમાં શ્રેષ્ઠ એવા હે ભગવાન્! સંસારમાં જીવો સમાન-ભાવે છે છતાં પણ પોતપોતાના કર્મ ભોગવે છે, પરંતુ તમારી માતાએ તમારા કર્મથી કેમ ચૌદ સ્વપ્નોને જોયાં? (૪૮૪)

બીજા દર્શનકારોએ દેવતાનું આવવું તે ચમત્કારનું કારણ માન્યું છે, પરંતુ તમારા જન્મના દિવસે તો તમારા ઘરમાં દેવતાઓની કોટિ શું પ્રાપ્ત ન થઇ! આર્થાત્ દેવતાઓની કોટીઓ તમારા ગૃહમાં આવી છતાં ચમત્કારનું કારણ ન મનાયું. (૪૮૫)

હે નાથ! કોઇ પણ બાળક જન્મના દિવસે સ્નાનના સુખને પામ્યું નથી, પરંતુ હે વિભુ? તમે તો દેવતાના સમૂહને રક્ષણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરનારા ઈન્દ્રો વડે મેરુપર્વત ઉપર અભિષેક કરાયા છો. અર્થાત્ આવું સ્નાનનું સુખ કોઈ પણ બાળકને મળ્યું નથી. (૪૮૬)

હે પ્રભુ ! જગતમાં મનુષ્યના યત્ન વિશેષથી સારી રીતે સંસ્કાર પામેલું કર્મ સહિત ફલ થાય છે. અર્થાત્ કર્મ વગરનું ફલ થતું નથી, પણ તમારા જન્મના દિવસે તો તમારા યત્ન વગર વિધિ–ભાગ્યથી જ સાધેલા, અવાજ કરતા એવા દેવતાઓ ઉતાવળા ઉતાવળા અહીં આવ્યા. (૪૮૭)

હે પ્રભુ ! મનુષ્યો વડે જન્મના સમયે અત્યંત દુઃખથી પીડાતા પ્રાણીઓ પોતે દેખાય છે, પરંતુ હે ભગવાન્ ! જન્મના અવસરે તો પોતે દુઃખ વગરના અને બીજા બધા પ્રાણીઓને સુખને માટે શું આપ ન હતા ! અર્થાત્ આપના જન્મ સમયે પ્રાણીઓ પણ સુખવાળા થયા. (૪૮૮)

હે ભગવાન્ ! તિર્યંચો સહિત એવા મનુષ્યો સ્તનપાન વગર બાલ્ય અવસ્થાને ઓળંગી યુવાન બનતા નથી, પરંતુ હે જિનેશ્વર ભગવન્ ! સ્તનપાન વગર જ તમારું તો ઉદાર યૌવન થયું, તે આશ્ચર્ય છે. (૪૮૯)

મનુષ્યો જુદા જુદા પ્રકારના તંત્ર સહિત એવા મંત્રો વડે અને જુદા પ્રકારના વિચિત્ર એવા પ્રયોગો વડે દેવોને બોલાવવા પ્રયત્ન કરે છે, તો પણ સામાન્ય દેવ પણ આવતા નથી. જ્યારે હે નાથ ! આપના જન્મ મહોત્સવના દિવસે તો તે દેવતાઓ કેમ આવ્યા ! (૪૯૦)

'જે મનુષ્ય સ્ત્રીઓની સાથે પર્ષદામાં બેસે તે સજ્જન પુરુષોમાં ગણાય નહિ' આવું જે સામાન્ય વાક્ય તે પણ હર, મહાદેવ વગેરે જાણતા નથી, કારણ કે તેઓ તો તેની સાથે જ પૂજાય છે. (૪૯૧)

જો કામ હણ્યો તો સ્ત્રી શા માટે, જો ક્રોધ હણ્યો તો ધનુષ્ય વગેરે શસ્ત્રો શા માટે, જો મોહ હણ્યો તો જપમાલાની જરૂર શી છે ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખરેખર જીત્યા છે અંતરંગ શત્રુ જેણે એવા આ જિનેશ્વર ભગવાન જય પામો. (૪૯૨)

ક્રોધનું, મદોન્મત્તનું, લુચ્ચાનું અને લોભીનું જે સારે માર્ગે જવું પંડિત પુરુષોએ માન્યું નથી તો આ બધા રાગદ્વેષ વગરના દેવનો આશરો કેમ લેતા નથી ! ખેદની વાત છે કે શું તે લોકો આત્માનો નાશ કરતા નથી ? (૪૯૩)

બોધવાળા એવા આ બધાએ સંસારમાં ક્રોધનાં કષ્ટોને કેમ જોતા નથી ? અને જિનેશ્વર મહારાજના મતનો કેમ આશ્રય કરતા નથી ! અર્થાત્ ક્રોધાદિનાં કષ્ટો જોવાં જોઈએ અને જિનેશ્વર મહારાજના મતમાં આવવું જોઈએ. (૪૯૪)

દીવાના પ્રકાશ વડે કરીને જેમ પ્રકાશ થયે છતે પંડિત પુરુષો પદાર્થના સમૂહ વડે કરીને ગણે છે. તેથી દીપના સરખી આપની વાણી જગતના અર્થને–પદાર્થને પ્રકાશન કરવામાં શું ઉદ્યમી નથી ? અર્થાત્ જગતના પદાર્થોને પ્રકશન કરવામાં ઉદ્યમી છે. (૪૯૫)

સાવદ્ય માર્ગમાં જોડાયે છતે મનુષ્યને ઉદ્ધત એવા પાપ કર્મનો બંધ થાય છે અને વૈરાગ્યના માર્ગથી બહાર એવા તમે તો ભવની પરંપરાવાળું કર્મ શું બાંધો છો ? અર્થાત્ બાંધતા નથી. ? (૪૯૬)

હે નાથ ! બીજા પ્રાણીઓને તો ભોગો પાપના બંધને માટે જ થાય છે, જ્યારે તમને તો તે ભોગો કર્મના નાશ કરવા માટે જ થયા, કારણ કે ભોગો વડે જ તે કર્મનો ક્ષય છે એવા બોધવાળા તમે છો, કારણ કે આપે તો કર્મરૂપ પર્વતને ભેદવામાં અદ્વિતીય એવું વજ્ર જ ધારણ કર્યું છે. (૪૯૭)

હે જિનેશ્વર ભગવાન્ ! સેવ્યવર્ગની કરાયેલી સેવા હમેશાં સુખ કરનારી છે એમ દેવનો સમુદાય હૃદયમાં ધારણ કરીને આવી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવીને તમને સેવે છે. નાશ કર્યો છે પ્રબળપણે પારકાનો ઉપદ્રવ જેને અને ઉભય લોકમાં પણ સુખ છે જેથી એવો આ વ્યવહાર છે. (૪૯૮)

દેવતાઓએ કરેલાં કલ્યાણકોનો મહિમા અને પ્રાતિહાર્યાદિકની કરેલી તમારી સેવા તે શું સુખકારી નથી? અથાત્ સુખકારી છે. આથી જો ધર્મનો મહિમા જ ન હોત તો તે નકામી થાત. (૪૯૯)

જો તમે ભક્તિથી પ્રસન્ન થતા હો તો અરિહંત મહારાજને આશ્રીને રહેલા તે ભક્તિવાળા તે દેવો શું તમારા સુખને માટે ન થાય? પણ તે ભક્તિ અરિહંત મહારાજને તો સુખના સાધન માટે થઇ નહિ તો અહીં ધર્મનો મહિમા તે જ કારણ છે. (૫૦૦)

હે ભગવાન્! તમે દેવતાને બોલાવ્યા નથી તેમજ બીજાઓએ બોલાવ્યા નથી પરતુ તમારી સેવા કરવા માટે આવે છે. ખરેખર અહો આશ્ચર્ય છે કે કેવી લોકાનુભાવતા. (૫૦૧)

હે ભગવાન્! અહિં ક્ષત્રિયકુંડ નગરમાં તમારો જન્મ જ સર્વ સુરો અને અસુરોને આકર્ષે છે. તે તમારો જન્મ આશ્ચર્યકારી કેમ નહિ? લોહચુંબક વિગેરેનું આકર્ષણ અમુક દેશમાં–સ્થાનમાં રહેલ લોઢાને આકર્ષે છે એટલે તે નજીકની અપ્રાપ્યની પ્રાપ્તિ છે. પરંતુ આ તમારી અપ્રાપ્યની પ્રાપ્તિ–દૂર દેવલોકમાં રહેલા દેવતાઓને પણ આકર્ષે છે. તે કેવા પ્રકારની? (૫૦૨)

હે નાથ! જે કારણથી તમારી કાયા–શરીર સૂર્યની જેમ દેદીપ્યમાન કાંતિથી યુક્ત છે તેથી તમારા દરેક કલ્યાણકોમાં જગતમાં પ્રકાશ થાય છે. (૫૦૩)

હે જિનેશ્વર ભગવાન્! તમારો અનુભાવ–પ્રભાવ આશ્ચર્યકારી છે. કે જે નારકીના જીવોનું કર્મથી થવાવાળું દુઃખ હણો છો–દૂર કરો છો. તો ખરેખર તમે કર્મ કરતાં પણ બળવાન છો. (૫૦૪)

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

હે પ્રભો! સમસ્ત નારકજીવોના પાપો તમે ક્ષણવાર માટે નાશ કરો છો. જો તેમ ન હોય તો જન્મ સમયે તેઓ સુખ કેમ પામે? (૫૦૫)

હે ભગવાન્! તમે દરેક સુરેશો-ઇન્દ્રોના જન્મ સમયે આસનો કંપાવ્યા તો પણ તે બધા દેવતાઓ આજન્મ સુધી તમારી સેવા કરવા લાગ્યા. (૫૦૬)

હે ભગવાન્! તમે બાલ્યવયમાં દેવતાઓના સમૂહોએ અભિષેક કરવા નાંખેલ પાણીનો સમૂહ કેવી રીતે સહન કર્યો! ખરેખર શરીર વડે નાના છતાં તમારો મહિમા જગતમાં અદ્‌ભુત છે. (૫૦)

હે ભગવાન્! પર્વતોમાં અચલ-ચલાયમાન નહિ થનારો પર્વત એક મેરૂગિરિ છે. એમ લોકમાં પ્રસિદ્ધ છે. પરંતુ આશ્ચર્યની વાત છે કે તે મેરૂગિરિને જન્મ સમયે-જન્માભિષેક સમયે ઇંદ્રના સંશયને દૂર કરવા તમે ડાબા પગના અંગુઠાના એક ભાગથી ચલાયમાન કર્યો. (૫૦૮)

હે જિનેશ્વર ભગવાન્! રમતમાં પણ તમારી શકિત કેટલી બધી છે તે વચનથી કહી શકાય તેમ નથી. તેમ જ જ્ઞાન પણ વચનાતિગ છે. કારણ કે જે વૈતાલ-બાળરૂપ છોડીને વિકરાળરૂપ ધારણ કરનાર તેને એક મુઠ્ઠીના ઘાતથી હાંકી મૂકયો અર્થાત્ સૂક્ષ્મરૂપવાળો કર્યો. (૫૦૯)

હે ભગવાન્! તમે જંગલમાં ચંડકૌશિકનાગને બોધ આપવા જતાં જરા પણ ભયયુક્ત ન થયા. જે બાલપણામાં સર્પથી ભય ન પામ્યા તે-સર્પ સાધુપણામાં શું ભય કરનારો થાય? અર્થાત્ ન થાય. (૫૧૦)

હે જિનેશ્વરોમાં ઇંદ્રસમાન! મહાનપુરૂષો જ મહાનપુરૂષોની ગતિને જાણે. બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ એવા બીજામનુષ્યો જાણે નહિ. આ વિચારથી જ ન હોય તેમ હું ચારિત્રની ચિન્તાને ધારણ કરવામાં યત્ન કરૂં છે. અર્થાત્ જ્ઞાન ચારિત્રની મહત્તા માટે જ હોવું જોઈએ. (૫૧૧)

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

સેવક જન–મનુષ્ય ઉપર વાત્સલ્ય–પ્રેમભાવવાળા હે ભગવાન્ ! આખા જગતમાં તમારી સમાન બીજા કોઇ નથી. અત્યંત દીન એવા મારૂં ભયનું સ્થાન એવા સંસારરૂપી સમુદ્રથી મારૂં રક્ષણ કેમ કરતા નથી ? અર્થાત્ સંસાર સમુદ્રથી મને પાર ઉતારો. (૫૧૨)

હે અનંત અવબોધ–જ્ઞાનને ધારણ કરનારા જિનેશ્વર ભગવાન્ ! જો તમે સંસાર–ચારે ગતિમાં પરિભ્રમણ કરાવનાર કર્મ–રૂપી વ્યાધિના વૈદ્ય છો તો મારે આશ્રિત–અર્થાત્ મારા કર્મરૂપી–તે વ્યાધિને નાશ દૂર કરવામાં ચિકિત્સા–ઔષધ કેમ કરતા નથી ? અર્થાત્ મારા તે કર્મરૂપી વ્યાધિને દૂર કરો. (૫૧૩)

ઇન્દ્રને પૂજ્ય એવા હે ભગવાન્! તમારૂં ચરિત્ર કેટલું બધું આશ્ચર્યકારી છે કે–જે દિવસે દીક્ષા ગ્રહણ કરી તે જ દિવસે ગોવાળીઆના ઉપસર્ગને સહન કર્યો, ખરેખર એકબાજુ તે પૂજા કેવી ! અને બીજી બાજુ તે અપકાર કેવો ? અર્થાત્ [દીક્ષાના પ્રથમ દિવસે જ પૂજા કરનાર અને ઉપસર્ગ કરનાર ઉપર પણ કેવો સમાનભાવ ? રાગ પણ નહિ ને દ્વેષ પણ નહિ (૫૧૪)

હે ભગવાન્ ! તમારામાં સર્વથા રાગનો અભાવ છે અને તેથી જ કૌટુંબિક જે આનંદશ્રાવક તેની સાથે અવધિજ્ઞાન વિષયક વિવાદમાં પ્રથમ શિષ્ય અને પ્રથમ ગણધર એવા ગૌતમસ્વામિને **'मिथ्या मे दुष्कृतं'** એટલે મિચ્છામિ દુક્કડં આપવાનું વચન કહ્યું. (૫૧૫)

હે પ્રાજ્ઞ–સર્વજ્ઞ ભગવાન્ ! દ્વેષી–નિત્યવૈરવાળા અગ્નિ (દેવ) શર્મા બ્રાહ્મણને બોધ કરવા અંતસમયે ગૌતમ ગણધરને મૂક્યા–મોકલ્યા. આથી તમારામાં રાગ અને દ્વેષ એ બંનેનો અભાવ સ્પષ્ટ પણે જણાય છે. (૫૧૬)

હે ભગવાન્ ! પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીને તમારા પ્રત્યે રહેલી જે સ્નેહ રૂપી રજ્જુ–દોરડું તેને કાપવાને માટે તે વખતે તેમને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તમે બીજે ગામ જવાની આજ્ઞા કરી અને તે રજ્જુ કપાતાં તેમને કેવલ આપ્યું અર્થાત્ કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. (૫૧૭)

હે ભગવાન્ ! મર્યાદાને પણ ઉલ્લંઘીને અત્યંત કષ્ટને આપનારા ઉપસર્ગોને કરનાર અભવ્ય-મુકિતગમનને અયોગ્ય એવા સંગમદેવ ઉપર પણ ખરેખર તેજ આંસુને વહાવનારી તમારી દયા છે. (૫૧૮)

હે જિનેશ્વર ભગવાન્ ! નિત્યવૈરવાળા એવા બ્રાહ્મણોને ગણધરપદથી અલંકૃત કર્યા અને જે સાંસારિક સંબંધે જમાઇ અને ભાણેજના સંબંધવાળા જમાલીને ગણ ગચ્છથી બહાર કર્યો. (૫૧૯)

હે ભગવાન્ ! મન્દબુદ્ધિવાળો પણ ફળ વગરના કાર્યને કરતો નથી એવી લોકમર્યાદા છે. તો તમે સર્વજ્ઞ-સર્વ વસ્તુને જાણનાર દેશનાથી કોઇ પણ વિરતિ રૂપ ફળ પામશે નહિ તેમ જાણવા છતાં તમે પ્રથમ ઉપદેશ-દેશના આપી. (૫૨૦)

હે ભગવાન્ ! તમે સર્વ વસ્તુને જાણનાર સર્વજ્ઞ અને સર્વથા રાગરહિત હોવા છતાં પણ રાજાને બોધ પમાડવા માટે સેંકડો યોજન દૂર ગયા પણ મને એક વચન પણ આપતા નથી-સંભાળવતા નથી. અર્થાત્ મને બોધ પમાડો. (૫૨૧)

હે ભગવાન્ ! જેમ કાંટા વડે કાંટાનો ઉદ્ધાર-દૂર કરાય છે. તેમ તમે વેદના જાણનારા બ્રાહ્મણોની અંતર્ગત શંકાઓ જે કોઇ પણ જાણતું ન હોતું તેને તે વેદના વચનથી જ બધી શંકાઓ દૂર કરી (૫૨૨)

મનમાં રહેલા શ્રુતિ-વેદના સંશયોને જાણવાથી અને તે સંશયોને દૂર કરવાથી વીર પરમાત્માને સર્વજ્ઞ સર્વ-વસ્તુને જાણવાના સ્વરૂપવાળા જાણીને હે ભગવાન્ ! તે બધા બ્રાહ્મણો ગૃહ-કુટુંબ આદિનો ત્યાગ કરી તમારા જેવા એક સ્વરૂપનો આશ્રય કર્યો. (૫૨૩)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હે ભગવાન્ ! આખા વિશ્વમાં મેં અન્ય-તમારા સિવાય બીજા કોઇ પણ ધર્મનો ઉપદેશ કરનાર જોયા નથી. કારણ કે બીજાઓના ઉપદેશમાં હેય-ત્યાગ કરવા યોગ્ય અને ઉપાદેય-ગ્રહણ કરવા યોગ્ય તેના વિષયનું વિશિષ્ટ જ્ઞાન જ તેમનામાં નથી. (૫૨૪)

હે ભગવાન્ ! તમે નિશ્ચય પૂર્વક કહો છો કે આશ્રવો-ત્રિધા-મનવચન કાયાથી ત્રિધા-કરવું કરાવવું અને અનુમોદવું એમ ત્રણ પ્રકારથી હેય છે. અને સંવર ગ્રાહ્ય છે. સંક્ષેપથી શુદ્ધિથી અને અપર-બીજો વિસ્તાર છે. (૫૨૫)

હે ભગવાન્ ! તમે પ્રતિપત્તિ નામની ઉત્કૃષ્ટ પૂજાને મોક્ષને કરવાવાળી-આપવાવાળી કહો છો. ગૃહસ્થોને પુષ્પાદિ દ્રવ્યથી જે પૂજા તે પણ તેના-મોક્ષ આપવાવાળી પ્રતિપત્તિનામની પૂજાના રાગહેતુક છે. (૫૨૬)

હે ભગવાન્ ! નામ-સ્થાપના-દ્રવ્ય ને ભાવ એ ચાર ન્યાસ-નિક્ષેપાના સ્વરૂપવાળા, સાત નયથી ગમ્ય, પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે પ્રમાણથી જાણવા યોગ્ય, અને નિશ્ચય અને વ્યવહારરૂપ બે ચક્રવાળા રથમાં બેઠેલો અથવા તમારા મતમાં રક્ત જાણવો. (૫૨૭)

હે ભગવાન્ ! આશ્ચર્યની વાત એ છે કે જે નવનિધિના માલિક એવા ચક્રવર્ત્તિ વડે જે દાન ન કરી શકાય તેવું ઇચ્છા મુજબનું વાર્ષિક-દાન તમે કરો છો. (૫૨૮)

દરેક અરિહંત પરમાત્માનું આ વાર્ષિક દાન પ્રમાણ-કાળ અને આપવામાં સમાન છે. અને મહાન પણ છે. તે દાન કોને આશ્ચર્ય આપનારૂં-કરનારૂં ન થાય. અર્થાત્ સર્વને થાય. (૫૨૮)

કોઇ પણ સ્થાને કોઇ પણ વ્યક્તિનો કર્મ પક્ષ ગ્રહણ કરતું નથી એ સિદ્ધાંતને જગતમાં પ્રસિદ્ધ કરવાને માટે દેવો-અસુરો અને મનુષ્યોથી કરાતા જીવિતનો પણ નાશ કરે તેવા ઉપસર્ગોના સમૂહને હે ભગવાન્ ! તમે સહન કર્યા. (૫૩૦)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હે ભગવાન્ ! એક બાજુ ઈંદ્રોની શ્રેણિએ તમારી પૂજા કરી. અને બીજી બાજુ ગોવાળીઆઓથી હણાયા તો પણ આ બંને પ્રસંગોમાં તમે સમભાવને ધારણ કર્યો. આ સમભાવથી ઉત્કૃષ્ટ તમારી રાગરહિતપણાની અવસ્થા કઇ ? (૫૩૧)

પોતાના વૈરિ એવા મનુષ્ય અને દેવતાઓથી અનેકવાર હણાયા છતાં તેઓને વિષે ઉત્કૃષ્ટ દયાને ધારણ કરી, તો હે ભગવાન્ ! આ તમારી વીગરાગતા-રાગરહિત અવસ્થા કોની સાથે સરખાવાય અર્થાત્ કોઇની સાથે નહિ. (૫૩૨)

યશોદાના પતિ એવા હે વીર ભગવાન્ ? તમને ગોવાળીઆઓ હણે છે તેમાં કાંઈ પણ આશ્ચર્ય નથી કારણકે પહેલા આ ગોવાળીઆઓએ યશોદાના પુત્રનું વિના પ્રયાસે રમતમાં રક્ષણ કર્યું હતું. (૫૩૩)

હે ભગવાન્ ! તમારા માતાપિતા જ્યારે સ્વર્ગે સિધાવ્યા ત્યાર-પછી અધમ એવા ગોવાળીઆઓએ આપને ઉપદ્રવ-ઉપસર્ગો કર્યા જે. કે- માતાપિતા જીવતા હતા ત્યારે તો તેઓ પણ રક્ષણ કરતા હતા. (૨૩૪)

જો કે જગતમાં પ્રાણી મરણ આવા શબ્દને સાંભળતાં પણ દુઃખી થતો જોવામાં આવે છે. જ્યારે સેંકડો દુઃખના ભારથી ભગ્ન-કંટાળેલા પ્રાણીને તે મરણ શબ્દને સાંભળીને મૃતિ-મરણને તો ઇષ્ટ ગણે છે. (૫૩૫)

પ્રાણીને મરણ અત્યંત ઈષ્ટ તો નથી જ અને તે રીતે અનિષ્ટ પણ નથી જ. જ્યારે તે, મૃત્યુને સાધુપુરૂષો સમાધિપૂર્વક થાય તેમ હંમેશાં સ્પષ્ટપણે પ્રાર્થના કરે છે. (૫૩૬)

હે અરિહંત ! ઘણા ભવ્ય પ્રાણીઓને પોતાના કરીને તમે તેઓને જલ્દી સંસારથી વિયુક્ત કરશો કારણ કે તેઓની મુક્તિ અવશ્ય છે જ તેથી જ તમે તેઓને ત્યાં મોક્ષમાં જોડશો. (૫૩૭)

અહિં બીજા હરિહરાદિ દેવોનો આશ્રય કરનાર પ્રાણી તેઓથી સંસારથી વિયુકત થવા છતાં ફરી પાછો તેઓ તેને સંસારમાં જોડશે. જે કારણથી જીવોને સર્વપ્રકારના સંબંધો અનંતીવાર થએલા છે. (૫૩૮)

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

હે વીર ! મુક્તિને આપનારાં એવા તમારા આગમોથી મને પ્રલોભન પમાડી આશ્રિતો પર હંમેશાં રાગવાળા એવા મોહરાજાથી મને છોડાવ્યો તો હે ભગવાન્ ! હવે તે મોક્ષનું અર્પણ–આપવું મને કેમ કરતા નથી ! અર્થાત્ મને મોક્ષ આપો. (૫૩૯)

દરેક પ્રવાદીઓએ જગતમાં વિશ્વાસઘાતથી અધિક બીજું પાપ માન્યું નથી તો હે પ્રભો ! 'હું તને મોક્ષ આપીશ' આવો વિશ્વાસ આપીને અને તે માટે હંમેશાં રડતા એવા મને તે મોક્ષ કેમ આપતા નથી. અર્થાત્ મને મોક્ષ આપો (૫૪૦)

હે અરિહંત ! તમે સુર–દેવતાઓના ઇંદ્ર, અસુર–દૈત્યોના ઇંદ્ર તથા નર–મનુષ્યોના ઇંદ્રથી વ્યાપ્ત એવા આખા લોકમાં પૂજ્ય કેમ છો ? તમારી પાસે અસ્ત્ર–હથિયાર નથી, રણ–યુદ્ધ નથી. જય–વિજય નથી, અને રાજ્ય–મંત્રી પુરોહિત વિગેરે પાંચ અંગવાળું રાજ્ય નથી પરંતુ અરાગત્વ–રાગરહિતપણું છે. તેજ ગુણથી પૂજ્ય છો. (૫૪૧)

વીતરાગ ભગવાનની સપર્યામાં–પૂજામાં નિશ્ચયે કરી ત્યાગભાવનો અભિષેક–સિંચન છે. જે કારણથી ક્ષીણરાગતા–રાગરહિતપણાને આશ્રયીને રહેલા ભવ્ય પ્રાણીઓએ વીતરાગ ભગવંતની તે પૂજા કરી છે. (૫૪૨)

અરિહંત ભગવાનના બાર ગુણ છે તેમાં આઠ દેવતાના કરેલા છે. અને ચાર જે મોહના નાશથી થયા છે તે સ્વ–પોતાના સ્વરૂપ રૂપ છે. તે તમારાથી કેવી રીતે હું મેળવું (૫૪૩)

જે સિદ્ધોના આઠ ગુણ છે તે જ દરેક પ્રાણીઓનું સ્વરૂપ છે. જેમાં કાંઇ દેવા યોગ્ય નથી તેમજ લેવા યોગ્ય પણ નથી. તે મોટું પરમ–ઉત્કૃષ્ટ આલંબન છે. (૫૪૪)

તૃષ્ટિ–આનંદ અને રુષ્ટિ–રોષ તેનાથી જે વ્યાપ્ત દેવો છે. તેઓમાં પવિત્રતા કયાંથી હોય ! આત્માના અતત્ત્વમાં–અજ્ઞાનમાં સર્વજ્ઞપણું કેવી રીતે હોય અને છદ્મસ્થ.અવસ્થામાં મોક્ષ પણ કયાંથી હોય. (૫૪૫)

જગતનો જે વ્યવહાર રોષ–નિગ્રહ અને તોષ–અનુગ્રહ વગેરેથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થએલો હોય છે. તે જો લોકોત્તરમાર્ગમાં હોય તો પછી ખરેખર તેમાં લોકોત્તરતા શી ! અર્થાત્ એ વ્યવહાર તેમાં ન હોય. (૫૪૬)

જેમ સંસ્કારિત કરેલું ઝેર ઝેરની અંદર ઔષધરૂપે થાય છે તેમ જન્મી-જન્મ ધારણ કરવાવાળા પ્રાણીને જન્મ પણ ઔષધરૂપે થાય છે. તે પણ જો જીનેશ્વર ભગવાનના વચનથી સંસ્કારવાળો હોય તો. નહિ તો જન્મ મૃત્યુ-મરણને વધારનાર છે. તે અર્થાત્ જીનેશ્વર ભગવાનનું વચન જ મરણનો અંત કરનારૂં છે. (૫૪૭)

આશ્ચર્ય છે કે જે આપ્તવર્ગ-યથાર્થ સ્વરૂપને કહેનારા મહાપુરૂષો ભવ-સંસારરૂપી સમુદ્રમાંથી ભવ્ય પ્રાણીઓને તારનાર તમને કહે છે.. અત્યંત દૂર રહેલા એવા તમે અહિં તે કાર્યને-સંસારસમુદ્રમાંથી તારવાના કાર્યને કરો છો. આથી જ તે આપ્તવચનને શ્રદ્ધા જ પ્રમાણ-સ્થાનને પમાડે છે. (૫૪૮)

મુક્તિ પ્રાપ્ત થવાની છે એવા હે જિનેશ્વર ભગવાન્ ! કલ્પનામાં પણ ન આવી શકે તેવું તમારૂં વીતરાગત્વ-રાગરહિતપણું છે. જો તેમ ન હોય તો તમે પોતાનાને આશ્રયે રહેલાને તારો છો બીજાને કેમ નથી તારતા ? ખરેખર આ તમારૂં તારવાપણું પક્ષાશ્રિત-એક પક્ષને આશ્રય કરનારૂં હોવાથી સરાગ પણું કેમ નહિં ? અર્થાત્ યોગ્યને તારવામાં પક્ષાશ્રિત પણું નથી તેથી સરાગપણું પણ નથી. (૫૪૯)

## શ્રી આગમોદ્ધારક સમિતિ ઉત્પાદક
## પૂ૦ આ૦ શ્રી આનંદસાગરસૂરિઃગુણાનુવાદ.

"આજ સફળ દિન ઊગ્યો મારે" (એ દેશી)

ત્રિસલાનંદન ધર્મસમાજે, આજે આણંદમેહ ગાજેરે,
વીજળી ચમકારા માંહી રાજે, વૃષ્ટિ અમૃતસમ છાજેરે. ત્રી.-૧
ગણધર ગુંથિત **વીરની** વાણી, આગમ દ્વારા ઉતરીએ,
પૂર્વાચાર્યોએ અવસર વર્તી, પુસ્તકારૂઢ કરી સુતરીરે. ત્રી-૨
**આગમ** શુદ્ધ પ્રતો દુર્લભતા, સદ્બોધ અલ્પતા પેખીરે,
**નંદ મગન યમુના સુત રત્ને** તક ઊઠ્યો આ સ્થિતિ દેખીરે ત્રી.-૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**આગમોદય સમિતિ** મતિવંતે, સ્થાપી ઉદ્ધાર વિચારીરે,
અંગ ઉપાંગ સુલભ્ય કરીને, શુદ્ધી પ્રતો પ્રસારીરે. ત્રી–૪
આગમવાચના પ્રાચીન રીતિ, ચલવી અર્વાચીન કાળેરે,
આગમ અર્થ અપૂર્વ શ્રવણમાં, મુનિમંડળ નિત્ય મ્હાલેરે. ત્રી–૫
અગમ અગોચર પદના અર્થ, સ્પષ્ટ પ્રગટ વિસ્તારીરે,
અનુપમ રહસ્ય સિદ્ધાંત પ્રકાશી, શંકા સંશય ધ્વંસકારીરે. ત્રી–૬
અલૌકિક ગુણ બ્રહ્મચર્ય જસ, અદ્‌ભુત ઉદ્યમી કરણીરે,
**આણંદ**વાણી અમૃત ઝરણી, જ્ઞાને તેજસ્વી તરણીરે. ત્રી–૭
આણંદ રસના રસ ઝીલણથી, રતિ પ્રીતિ ઘટઘટ જાગીરે,
તજી પ્રમાદ, પ્રમોદ ભજીને, રસિક શ્રુત લય લાગીરે. રેત્રી–૮
નંદન વનના મંદ પવનની, મલયચંદનસ્યું લહેરોરે,
શરદ પુનમ ચંદ કુમુદિની સમ, આહ્લાદકારી શેરોરે. ત્રી–૯
**પાટણ કપડવંજ રાજનગરે, સૂર્યપુરે** દોય વારીરે,
પાલીતાણા **રતલામ** મુકામે, વાચના સુત્ર ચિત્ત ઠારીરે. ત્રી–૧૦
ગુણસાગર સૂરિ આણંદ પાર્શ્વે, **મણિ મેઘ આણંદ** દીવો રે,
**સિદ્ધિ કમળસૂરિ વીર** અનુમોદે, વાચનાચાર્ય ચિરંજીવોરે. ત્રી–૧૧
**વે. ચુ. ભો. કું. હી. ક. મ. જી.** રસિયા, અષ્ટ આનંદ ગુરુદાસોરે
**સમિતિ** કાર્ય સંપાદન કાજે, વર્ત્યો ચિત્ત ઉલ્લાસોરે. ત્રી–૧૨
ચૂકશો નહિ અનુભવ રસ પ્યાસી, ક્ષણ આ ઉત્તમ દેહ ધારીરે
છતી શકતે વ્યય તન મન ધનનો, કરવો આતમરત્ન તારીરે. ત્રી–૧૩
સં. ૧૯૭૮ના આસો વદી ૪ ને મંગલ.

---

| | |
|---|---|
| ૧. વેણીલાલ સુરચંદ | ૫. હીરાલાલ બહોરદાસ |
| ૨. ચુનીલાલ છગનલાલ | ૬. કમળશીભાઈ ગુલાબચંદ |
| ૩ ભોગીલાલ હાલાભાઈ | ૭. મગીલાલ સુરજમલ |
| ૪. કુંવરજી આણંદજી | ૮. જીવણચંદ સાકેરચંદ |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust